॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

જાન્યુઆરી ૨૦૧૬

રૂા. ૫/૦૦

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## પ્રયાગરાજ, છપૈયા સહિત ગંગાસાગર તીર્થ સ્થાનોના દર્શનાર્થે પધારેલા પૂજ્ય મહંત સ્વામી તેમજ સંતો અને પાર્ષદ જાદવજી ભગત

















(૧) અંજારમાં નૂતન મંદિરનું નિરીક્ષણ કરતા મહંત સ્વામી આદિ વડીલ સંતો. (૨) આપણા પ્રસિદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના વિશાળ સભામંડપમાં ૧૯૬મી વચનાવૃત જયંતીના દિને વચનામૃત પાઠ કરતા સંતો અને ભક્તો. (૩-૫) ભુજ મંદિરના નરનારાયણદેવ સમક્ષ વડીલ સંતો સહિત સમગ્ર સંતો ભક્તો, ચાલતી ધનુરમાસ ધુનમાં ધૂન તથા મહાઆરતી કરતા સંતો તથા હરિભક્તો. (૬-૭) શ્રી સ્વામિનારાયણ મંદિર નરનારાયણનગર સુખપરનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો. (૮-૯) અન્ડર ૧૪-૧૭ થ્રો બોલમાં રાજ્યમાં વિજેતા પામેલ કન્યા વિદ્યામંદિરની બાળાઓ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

---

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૫ અંક - ૧૨ - જાન્યુઆરી– ૨૦૧૬
સળંગ અંક - ૩૫૯

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

આ અંક જયારે તમને મળશે ત્યારે ધનુર્માસના અંતિમ દિવસો ચાલતા હશે. વહેલી સવારે મંદિરે પહોંચી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનથી દિવસનો આરંભ કરનારનો આખો દિવસ આહ્લાદક અને પ્રફુલ્લિત બની જાય છે એ વાતની અનુભૂતિ અનેક હરિભક્તોને થઈ છે. શ્રીસ્વામિનારાયણ ભગવાન નીલકંઠ સ્વરૂપે રહીને આ સમયમાં હરિભક્તો તેમજ સંતોને પ્રભાતે વહેલા જગાડીને યોગાભ્યાસ કરાવી ભગવાનની મૂર્તિમાં સાક્ષાત્કાર કરાવતા. ધનુર્માસ વિદ્યાભ્યાસ માટેનો અતિ ઉત્તમ સમય છે. ભગવાન શ્રીકૃષ્ણએ સાંદિપનિ ઋષિના આશ્રમમાં રહી આ સમયમાં વિદ્યાભ્યાસ કર્યો હતો. ધનુર્માસ એટલે સંપૂર્ણ સમર્પિત ભાવ સાથે ઈશ્વરની આરાધના કરવાનો માસ.

ધનુર્માસ પૂર્ણ થતાં બીજા જ દિવસે મકરસંક્રાંતિ આવે. તલ, ગોળ, શેરડી, બોર, મોગરીની સાથેનાં દ્રવ્ય અને વસ્ત્રોનાં દાન અર્પણ કરી મનમાં હળવાશ અનુભવી. મકરસંક્રાંતિ પર્વે બાળકો પતંગોત્સવથી પણ ઉજવે છે. આ પતંગનું પ્રતીક પણ સમજવા જેવું છે. પતંગ ગમે તેટલું ઊંચું ઉડે પણ તેની દોર જમીન પર હોય છે, તેવી જ રીતે માનવ ગમે તેટલા સમૃધ્ધિના સર્વોચ્ચ શિખરે પહોંચે તોય મા-ભોમ સાથે જોડાયેલો જ રહેવો જોઈએ. જમીન પરથી દોર છૂટી જાય તો પતંગનું અસ્તિત્વ જોખમાઈ જાય છે તેમ માનવ પોતાની હેસિયત અને વાસ્તવિકતાને વિસારી દે તો સમૃધ્ધિના નભમાં નેસ્તનાબૂદ થઈ જાય છે. કહેવાનો તાત્પર્ય એ જ છે કે પોતે જ્યાં જન્મ્યો છે, જ્યાંના પંચતત્ત્વોએ તેની કાયાનું નિર્માણ કરી સુદૃઢ બનાવી છે તે પોતાના વતનને - દેશને ક્યારેય ભૂલવો જોઈએ નહીં. આ માસમાં રાષ્ટ્રીય પર્વ ૨૬મી જાન્યુઆરી - પ્રજાસત્તાક દિવસ આવે છે ત્યારે આજે આપણા દેશમાં રહેલી આપણી સંસ્કૃતિથી વિસંગત વાતો અને દેશનાં આંતરશત્રુઓ સમાન ભ્રષ્ટાચાર, કોમવાદ, દ્વેષભાવના અને પ્રતિશોધ ભરેલા વ્યવહારોને દૂર કરવા કટિબધ્ધ થઈ રાષ્ટ્રના વિકાસ માટેના સંકલ્પો કરીએ.

એક સમ્રાટ પોતાનાં ત્રણ અમાત્યો સાથે સુંદર બગીચામાં વિચરણ કરી રહ્યો હતો. ત્રણે અમાત્યો સમ્રાટની પ્રશંસા કરી તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અચાનક સમ્રાટે ત્રણે અમાત્યને આજ્ઞા કરી કે જુઓ આ બગીચામાં અનેક પ્રકારનાં ફળના વૃક્ષો છે. તમે ત્રણે જણ એક એક થેલો ભરીને મારા માટે ફળ લઈ આવો. ત્રણે અમાત્ય થેલા લઈને બગીચામાં ગયા. એક અમાત્યને સમ્રાટ પ્રત્યે ખૂબ ભાવ હતો. તે તો જુદા જુદા વૃક્ષો પર ચડી, જોઈ-તપાસી-મીઠા મીઠા પાકેલા ફળો તોડીને થેલો ભરવા લાગ્યો. પોતાને સોંપાયેલું કામ પૂર્ણ નિષ્ઠાથી સમ્રાટને પ્રસન્ન કરવાના હેતુથી કરવા લાગ્યો. બીજા અમાત્યે પણ કાર્ય શરૂ કર્યું પરંતુ ફળોને બહુ તપાસતો નહોતો. કાચા-પાકા, ખાટા-મીઠા, વૃક્ષની ઊંચી નીચી ડાળીએથી ફળો તોડી ઝડપથી થેલો ભરવા લાગી ગયો. ત્રીજા અમાત્યે વિચાર્યું કે સમ્રાટ ક્યાં આ ફળ ખાવાના છે ? તેઓ થોડું જ જોવાના છે કે થેલામાં શું છે ? આવા ભાવ સાથે જમીન પર પડેલાં સૂકા પાંદડા, ડાળી-ડાળખાથી મોટા ભાગનો થેલો ભરી ઉપર ઉપર કાચા-પાકા ફળ ગોઠવીને થેલો ભરી દીધો. ત્રણે જણ પોતાનાં થેલા લઈ સમ્રાટ પાસે પહોંચ્યા. ત્યારે સમ્રાટે બીજી આજ્ઞા કરી કે હવે તમને ત્રણેયને અલગ અલગ એક એક ખંડ આપવામાં આવશે. તે ઓરડામાં તમારે આઠ દિવસ રહેવાનું છે અને તોડી લાવેલા ફળ તમારે ખોરાક તરીકે આરોગવાના છે. પહેલા અમાત્યને કશો વાંધો ન આવ્યો. તેણે તો પૂરી નિષ્ઠાથી સમ્રાટ માટે પાકા-મીઠા-મધુરા ફળ ચૂંટ્યા હતા. તે આરોગીને સુખ-શાંતિથી આનંદથી દિવસો પસાર કર્યા. બીજા અમાત્યને થોડી ઘણી તકલીફ પડી, પણ થોડા ખાવાલાયક ફળ તેની પાસે પણ હતા તેથી સુખે-દુઃખે જેમ-તેમ દિવસો પસાર થઈ ગયા. પરંતુ ત્રીજા અમાત્યની હાલત ખૂબ કફોડી થઈ ગઈ. તેના મનમાં કૂડ-કપટ ભર્યા હતા. આજ્ઞાનું પાલન કરવામાં પણ બેદરકારી અને કામચોરી કરી હતી. તેથી તે ભૂખે મરી ગયો. ભક્તો, કહેવાનું તાત્પર્ય એ છે કે 'જેવી કરણી તેવી ભરણી.' આ વિશ્વ એ બગીચો છે અને તેના સમ્રાટ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે અને આપણે સૌ અમાત્ય છીએ. ભગવાને જે રૂડો માનવદેહ આપ્યો છે તેના દ્વારા શ્રીજી મહારાજમાં સંપૂર્ણ શ્રધ્ધા સાથેનો સમર્પિતભાવ રાખી તેણે સોંપેલા કાર્યો પૂર્ણ નિષ્ઠાથી કરશું તો આપણે તરી જશું. આ દેહ સત્કાર્યો કરવા માટે મળ્યો છે. પ્રભુએ સોંપેલા કાર્યો ઈમાનદારીથી કરી પુણ્યનો થેલો ભરી લેવાનો છે. સત્સંગ, સદ્‌ભાવ, સદાચારભર્યું જીવન જીવવામાં જ સમજદારી અને ભગવાનનો રાજીપો છે. જેવા કર્મો કરીશું તેવા ફળ પ્રાપ્ત થશે. ભક્તિની નાવમાં શ્રીસહજાનંદ સ્વામીના સથવારે ભવસાગર તરશું તો અક્ષરધામની પ્રાપ્તિ થશે અન્યથા ત્રીજા અમાત્ય જેવી દુર્દશા થશે અને યમપુરીમાં જવું પડશે.

જયશ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



છાન્દોગ્ય ઉપનિષદની બ્રહ્મવિદ્યાઓ અને વચનામૃત

લેખાંક-૫૦

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



### બીજો અધ્યાય

ચોવીશ ખંડો વાળા આ અધ્યાયમાં જુદા જુદા પ્રાકૃતિક શક્તિઓમાં સામની ઉપાસનાનું વિધાન બતાવવામાં આવ્યું છે. સામની પાંચ અને સાત વિધિ દ્વારા ઉપાસના બતાવવામાં આવી છે. કહેવામાં આવ્યું છે કે સંસારમાં 'સામ' જ શ્રેષ્ઠ છે. અર્થાત્ આ ચરાચર જગતની બધી શ્રેષ્ઠ વસ્તુઓમાં સામ છે. તેથી સામની ઉપાસના કરવી જોઈએ.

### ત્રીજો અધ્યાય

આ અધ્યાયમાં ઓગણીસ ખંડો છે. આ અધ્યાયમાં સૂર્યની મધુ રૂપમાં ઉપાસનાનું વિસ્તૃત વર્ણન છે. આ ઉપાસના **'મધુવિદ્યા'** નામથી પ્રસિદ્ધ છે. તેમજ પંચપ્રાણની ઉપાસના તથા પુરુષની યજ્ઞરૂપમાં અભિવ્યક્તિ તથા સૂર્યની બ્રહ્મરૂપમાં ઉપાસનાના વિધિનું વર્ણન કરવામાં આવ્યું છે.

આગળના બે અધ્યાયોમાં કર્માંગના આશ્રયવાળાં ઉપાસનાવિધિ કહ્યો. હવે મોક્ષાંગ વાળાને ઉપાસના વિધિ કહે છે.

### મધુવિદ્યાની ભૂમિકા

(સૂર્ય શરીરવાળા પરમાત્મા પરબ્રહ્મની ઉપાસના કહે છે. આદિત્ય દ્વારા પરબ્રહ્મનું ઉપાસન આ અધ્યાયામાં કહેવામાં આવે છે.

યદ્યપિ સૂર્યની મધુના રૂપમાં ઉપાસના જણાય છે પરન્તુ અંતમાં ''य एतामेव ब्रह्मोपनिषदं वेदे'' त्युपसंहारात् । જે એ બ્રહ્મ ઉપનિષદને જ જાણે છે એવા ઉપસંહારથી અને ''नैव तत्र स निम्लोच नोदियाय कदाचन'' ત્યાં કયારેય તે અસ્તભાવ થતો નથી ઉદયભાવ પણ નથી. ઉદય અને અસ્તમય કાર્યના વિભાગે રહિત (વિકારે રહિત) નામ-રૂપ વિભાગે રહિત સર્વકારણભૂત બ્રહ્મની સાથે સૂર્યની એકાગ્રતા કરવારૂપ જોવા મળતું હોવાથી આ મધુવિદ્યા સૂર્યની ઉપાસના દ્વારા બ્રહ્મની ઉપાસના જણાવે છે.)

### મધુવિદ્યા

''सौ वा आदित्यो देवमधु तस्य द्यौरेव तिरश्चीनवशो **ऽन्तरिक्षमपूपो मरीचयः पुत्रां ।'' तस्य ये प्राञ्चो रश्मयस्ता एवास्य प्राच्यो मधुनाड्य ऋच एव मधुकृतः ऋग्वेद एव पुष्पं ता अमृता आपः ता वा एता ऋचः ॥**

એક મધપૂડામાં જેવી રીતે મધ ભેગુ કરવાની પ્રક્રિયા છે તે પ્રક્રિયાને અહીં સૂર્ય અને દેવલોકની સાથે તુલનાત્મક સમાનતા બતાવતાં કહે છે કે -

સૂર્ય સ્વયં દેવતા અને સર્વે જીવ પ્રાણિમાત્ર માટે મધુ (મધ) છે.

દ્યુલોક (આકાશ) વાંકો પ્રસરેલો વાંસ છે.
અંતરિક્ષ (વાયુમંડળ) મધપૂડો છે.
સૂર્યની કિરણો મધુમાંખીઓ છે.
સૂર્યની **પૂર્વ, દક્ષિણ, ઉત્તર અને પશ્ચિમ** દિશાની કિરણો છે તે મધપૂડાના ચારેબાજુ રહેનાર છિદ્રો છે. જેમાં મધુમાખીઓનાં બચ્ચાં (સર્વે દેવતા, સર્વે જીવપ્રાણિમાત્ર) રહે છે.
ઋગ્વેદના મંત્રો મધુકર (ભ્રમર) છે.
ઋગ્વેદ પુષ્પો છે
ઋગ્વેદમાં રહેલ કર્મ એ મકરંદ (પુષ્પરજ) છે.
જળ અમૃત છે. ''ता अमृता आपः'' યજ્ઞમાં વપરાતું સોમ (વગેરે વનસ્પતિ)નું જે પાણી એ જ અમૃત છે. એમાંથી જ મધુમાખીઓ (ઋગ્વેદના મંત્રો) ફુલોનો રસ ચૂસી ચૂસીને મધ બનાવે છે.
ઋગ્વેદની ઋચાઓમાં વર્ણિત પ્રક્રિયો(વિધિઓ)થી તેજ રૂપી **મધ** બને છે.

**પ્રશ્ન - - એ મધ કયું ?** તો પ્રાતઃકાળમાં પૂર્વદિશામાં ઉદિત થયેલ સૂર્યનો **લાલ રંગ,**
શરીરમાં રહેલું - **તેજ,**
સર્વશક્તિમાન - **ઈન્દ્રિયો,**
અને શરીરમાં રહેલ - **વીર્ય-બળ** અને
પૃથ્વીપર રહેલ - **અન્ન, ફળ, રસ, ઔષધિ** આ બધુ **મધ** છે. અર્થાત્ સર્વે દેવતા, સર્વેજીવપ્રાણિમાત્રને મધરૂપ રસ (જીવન) આપનાર સૂર્ય છે તેથી સૂર્યને મધ કહે છે, તેથી એવા સૂર્યની (સૂર્યાન્તર્યામી બ્રહ્મની) ઉપાસના કરવી જોઇએ એ જ મધુવિદ્યાનું રહસ્ય છે.

### મધુવિદ્યાનું વિજ્ઞાન

આ ત્રીજા અધ્યાયના એક થી દસ ખંડોમાં મધુવિદ્યાનું વર્ણન કર્યું છે. આ મધુવિદ્યા ઉપનિષદની કુલ બત્રીસ વિદ્યાઓમાં શ્રેષ્ઠતમ વિદ્યા છે. આ વિદ્યાનું વૈદિક કાળમાં બહું મહત્વ હતું. અનેક ઋષિકુમારો આ વિદ્યાની ઉપાસના કરીને સૂર્ય-વિજ્ઞાનને જાણતા હતા. વૈદિકકાળ પછી આ મધુવિદ્યા **''સૂર્ય-વિજ્ઞાન''** ના નામથી પણ પ્રસિદ્ધ હતી. (૧૯૨૫ માં વારાણસીમાં ગંધ વાળા બાબા નામથી પ્રસિદ્ધ સ્વામી વિશુદ્ધાનંદજી આ વિદ્યાના પ્રકાંડ વિદ્વાન્ હતા. તેઓ સૂર્યની પ્રતઃ, મધ્યાન અને સાયંકાળ જુદી જુદી રશ્મિઓથી સંસારની કોઇ પણ વસ્તુઓનું નિર્માણ કરી લેતા હતા.) પ્રસિદ્ધ બ્રિટિશ પ્રર્યટક પાલ બ્રંટને રહસ્યમય ભારત (Secret India) નામના લખેલ પોતાના પુસ્તકમાં પણ સૂર્ય વિજ્ઞાનની વિદ્યાનું વર્ણન કર્યું છે. ઉપનિષદ કાળમાં બ્રહ્માએ પ્રજાપતિ અને મનુના માધ્યમથી આ વિદ્યા ઋષિઓ સુધી પહોંચી હતી. ઉદ્દાલકને તેમના પિતા વરુણે આ વિદ્યા આપી હતી. તેથી સર્વે ઋષિગણ આ વિદ્યા પોતાના યોગ્ય પુત્રોને તેમજ જીજ્ઞાસુ શિષ્યોને પરંપરાગત આપતા આવતા હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણ તેમની બાલ્યાવસ્થામાં જ્યારે નીલકંઠવર્ણીરૂપે વનવિચરણ કરતા - કરતા હિમાલયમાં પહોંચ્યા ત્યારે ત્યાં ગંડકીનદી તટપર રહેલ પુલહાશ્રમ (મુક્તિનાથ)માં ચાર મહિના રોકાઈને એક પગે ઊભા રહીને સૂર્યની ઉપાસના કરી હતી. ચાર મહિના સુધી સૂર્ય ભગવાનની ઉપસના- આરાધના કરીને સૂર્યભગવાનને પ્રસન્ન કર્યા હતા. પ્રસન્ન થઈને સ્વયં સૂર્યનારાયણે પ્રત્યક્ષ દર્શન આપીને વરદાન આપ્યું હતું. નીલકંઠવર્ણીની આ મધુવિદ્યાની ઉપાસના કરી હતી એવું કહી શકાય. કારણકે નીલકંઠવર્ણીએ સૂર્યાન્તર્યામી પરમાત્માની ઉપાસના કરીને સાક્ષાત્ પરમાત્માને પ્રસન્ન કરીને ભક્તોને શિખવ્યું કે બ્રહ્મવિદ્યાની ઉપાસના કેવી રીતે કરવી જોઇએ.

ક્રમશઃ -

## આગામી માસની કથાઓ

| તારીખ | ગામ | યજમાશ્રીઓ |
|---|---|---|
| ૧-૧-૧૬ | કોડકી | કથા પારાયણ દિવસ પાંચની |
| ૨-૧-૧૬ | બળદીયા ની.વા. | કથા પારાયણ દિવસ પાંચની |
| ૩-૧-૧૬ | નારણપર ઉ.વા. | કથા પારાયણ દિવસ પાંચની |
| ૩-૧-૧૬ | માધાપર | ભાગવત કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૧-૧-૧૬ | ભુજ | કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૬-૧-૧૫ | વેકરા | કથા પારાયણ દિવસ પાંચની |

# તોપની ચડાઈ ઘાસની ગંજી ઉપર ન હોય (જીવા બાપુને ઉપદેશ)

અહેવાલ :- રસિકભાઈ રા. ગોળવિયા, સુરત વેળાવદરવાળા

દાદાના કાકા બાપુ જીવાખાચર સ્વભાવે હઠીલા અને દ્વેષી હતા પણ મહારાજની અને સંતોની સેવા કરવામાં ઘણી જ શ્રધ્ધા હતી. બપોરપછી દરરોજ મહારાજ જીવાખાચરના દરબારમાં પધારતા. અને મહારાજને તે કાયમ આમંત્રણ આપતા અને મોટા ભાગના સંતોને જીવાબાપુ દરબારમાં રાખતા અને સંતોને જમાડતા જોઈએ તે લાવી આપતા. જે વસ્તુ પદાર્થ ન મળે તો સંતો આગળ હાથ જોડતા. આમ મહારાજ અને સંતોને રાજી કરતા. જીવાબાપુને ૧૦૦ ગાયો દૂજતી જેનું દૂધ શ્રીહરિ અને સંતોને જમાડતા. વધે તોજ પોતે જમતા. જો કે પોતાનો સ્વભાવ ઈર્ષાળુ હતો. જે ભત્રીજા દાદાની કોઈ (મહારાજ કે સંતો) પ્રશંસા કરે કે દાદાની કીર્તિ વધે તે ખમી શકતા નહી. મહારાજને મારી નાંખવા સુધીની પણ રીત અજમાવેલી. દાદાને વારંવાર યેનકેન પ્રકારે હેરાન કરતા. આવા જીવાખાચર મહારાજને પોતાના દરબારમાં એભલબાપુના દરબારમાં મહારાજને રાખતા તેટલા જ રાખતા તેટલા જ સમૈયા ઉત્સવ કરાવતા જમાડતા અને રાજી કરતા. મહારાજના સહુ પ્રથમ જન્મ ઉત્સવ ગઢપુરમાં રામનૌવમીનો ઉત્સવ રૂડી પેરે કરેલ ત્યારે જીવાખાચરના આગ્રહ અને આમંત્રણથી તેમને ત્યાં સભા(બપોર પછી) કરેલ. ત્યારે જીવાખાચરે મહારાજને વિનંતી કરી સભા કરાવેલ ત્યારે મહારાજ અતિ રાજી થયા. અને જીવાખાચરે કહેલું કે અમોને છોડશો નહિ. ત્યારે મહારાજ એમ બોલેલા, તમોને છોડીને જાશું નહીં. તેવો વિશ્વાસ રાખો.

આગળ મહારાજ જીવાખાચરને ઉપદેશ જે ઠપકાના રૂપમાં આપવા લાગ્યા અને બોલ્યા કે હે જીવાબાપુ જે સમજુ થઈને પણ જગતમાં અતિશય લોભાઈ ગયા હોય તેને નિશ્ચિતપણે છોડવા પડે છે તે રીતને અમે ઠીકરૂપમાં જાણીએ છીએ. અને ફરી શ્રીહરિએ જીવાખાચરને કહેવા લાગ્યા અમો સમજીને વધીએ છીએ લડીએ છીએ બીજાને અમો બોલાવતા પણ નથી. તોપની ચડાઈ ક્યારેય ઘાસની ગંજી ઉપર ન કરાય. ઘાસની ગંજીતો એક બે વ્યક્તિ ધકો મારીને પાડી દે છે. તોપનો મોરચો તો મજબૂત પથ્થરના કિલ્લા ઉપર જ શોભે. પથ્થરનો કે મજબુત કિલ્લો તોડવામાંથી તોપની શોભા તેમ તમો મિથ્યા જગતના મૂળ ઉંડા રોપી રહ્યા છે. નાશવંત જગતમાં ઊંડા મૂળ નાંખવા તમો પ્રયત્ન કરો છો તે મોટી ભૂલ છે. તમો તો માત્ર મોટાઈને જ માનો છો. જગતમાં પાકો પાયો રાખીને જો સત્સંગ થતો હોય તો બધા જ સત્સંગ કરે. અમારે તો આ વખતે મિથ્યા માનવીને જીવન મૃત્યુના ભયથી મુક્ત કરવાનું કામ છે. જમપુરી અને જીવને માથેથી ચોર્યાશીનો મોટો ભય છે. તે ટાળવો છે તે અમને પણ કદી વિસરાતો નથી. જ્યારે તમને તેની મૂળ પણ ચિંતા થતી નથી. આવો ફરી ફરી મનુષ્ય દેહ આવતો નથી. મૃત્યુ તો ગળા ઉપર છરી લઈને ઊભું છે છતાં તમો નિધડક થઈને ફર્યા કરો છો. તમોને નેત્રો આપ્યા છે છતાં મીંચીને ચાલો છો. આ બધું અમો તમોને અમારા કાંઈ સ્વાર્થ સારું કહેતા નથી તમારા હિતના ખાતર કહીએ છીએ.

અને અમારે તો તમારા દરબાર આગળ સવાર સાંજ ચાલીએ છીએ આવીએ છીએ, વસ્તુ પદાર્થ ગ્રહણ કરીએ છીએ તે તમારા જેવા ભક્તોના હિતખાતર સ્વીકારીએ છીએ. અમો વનમાં ફરતા ત્યારે અનેક મોટા મોટા રાજાઓ મહંતો રાજ્ય, મંદિરોનો વહીવટ સંપત્તિ, દીકરીઓ આપવા તત્પર થતાં પણ તે નહીં સ્વીકારી અમો ભાગી છૂટતા. અનેક બ્રહ્માંડનું આ સુખ અમોને શુળી જેવું લાગે છે જ્યારે તમોને આ અલ્પ સુખમાં આનંદ આવે છે. તમોને અમો આગ્રહ રાખીને વાત કરીએ છીએ. તેમાં લેશમાત્ર અમારે સ્વાર્થ નથી. આપણે સાંજે કે સવારે દુનિયા છોડીને જવાનું છે. અહીં કોઈ સ્થિર નથી અને જો આ વાત અમો તમોને અમારા સ્વાર્થ માટે કહેતા હોઈએ તો આધારાનંદ સ્વામી લખે છેકે મહારાજ કહે છે કે હે જીવાબાપુ જો આ વાત ખોટી કે સ્વાર્થ માટે કરતા હોઈએ તો અમારા મા- બાપમાં ફરક છે. કહેતા કે અમારા મા-બાપ બીજા હોય

આમ સમખાઈને કહ્યુ હતું.

આમ જીવાબાપુને મીઠો ઠપકો આપી ઉપદેશની તેમના હિતની ઘણી જ વાત કરી. સંતોની સેવા મહારાજની સેવા કરવા જીવાબાપુ કાયમ તત્પર રહેતા પણ મહારાજના સંતો ભક્તો(ખાસ તો દાદાખાચરમાં) સહેજ પણ પ્રીતિ ન રાખતા કે સંતના યોગમાં સતત રહેતા પણ જરા પણ સત્સંગનો છાંટો ન હતો. કુસંગનો પાસ વધુ રહેતો. સત્સંગ કરતા સંસાર વ્યવહારને મુખ્ય રાખતા. સંતોની સેવાનો ભાવ અપાર રાખતા પણ હરિભક્તોને દેખીને તેને હેત ન થતું. જોતે સત્સંગના જ નિયમો દારૂ, માટી, ચોરી અને અવેરી એ ચારને જરૂર પાળતા હતા. સહુની સાથે ઉપરથી પ્રેમભર્યો વ્યવહાર કરતા પણ કોઈની સાથે તેનું મન મળતું નહી.

જો કે જીવાબાપુમાં ઘણાં જ અવગુણ હતા પણ તેના બે ગુણ મહારાજ કાયમ યાદ કરતા. મહારાજ બિમાર હતા અને વર્ષાઋતુ હતી ત્યારે મહારાજને તેના ઘરના ચૂલા ઉપર ઝાડે બેસારેલા અને શેરડી સુધારતા મહારાજના હાથે આંગળીએ વાંગેલું ત્યારે પોતાનો મોંઘી કિંમતનો સાફો (મેકરનો સાફો જે અત્યારે ૫૦૦૦૦ની કિંમતનો થાય) જે તાત્કાલીક ફાડીને મહારાજની આંગળીએ કપડાંનો પાટો બાંધેલ. જે બે સારા ગુણને લીધે મહારાજ તેમના ઉપર રાજી રહેતા તેમજ જીવાબાપુની બે દીકરીઓ અમરાબાઈ અને અમુલાબાઈ જે સાંખ્યયોગ પાળી સત્સંગના બધા જ નિયમો યથાર્થ પાળતી જે અત્યંત નિષ્કામી ભક્ત હતી. તેના લીધે પણ મહારાજે જીવાખાચરને અંતિમે દર્શન આપી ઉધાર કરેલો.

મારી દૃષ્ટિએ સંતો અને શાસ્ત્રોની દૃષ્ટિએ મહારાજ સાથે આવેલા દરેક સંતો ભક્તો સ્ત્રી ભક્તો પૂર્વેના મુમુક્ષુઓ હતા. સામર્થીવાન હતા પણ મહારાજની કૃપા અને ઈચ્છાથી તેઓની સામર્થી ઢાંકી રાખેલ હતી. દરેકને એક એક જાતનો રોલ ભજાવીને આપને ઉપદેશ કે આદર્શ પૂરો પાડ્યો છે. તેવા જ આ એક ઈર્ષાનો રોલ જીવાબાપુના ભાગમાં ભજવવાનો આવ્યો હતો. જે ભજાવીને આબેહુબ ભજાવીને છેવટે મહારાજ તેને તેના ધામમાં લઈ ગયા. સત્સંગમાં સંતો ભક્તો પાસે ૫૦ પ્રકારથી ઉપરાંત રોલ તેમજ તે ઉપરાંત મહારાજના દયા, અહિંસા, પ્રેમ, ભક્તિ, તપ વગેરે રોલો કોઈને કોઈ મુમુક્ષુ (ત્યારના) પાસે ભજાવીને આપણને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. સત્સંગને એક રાહ ચિંધ્યો છે. ભલે જીવાબાપુને રોલ પ્રમાણે સત્સંગનો છાંટો ન હતો. મોટા મોટા મુક્તાનંદ સ્વામી જેવા ૫૦-૫૦ સંતો તેમને ત્યાં કાયમ રહેતા. આટલો મોટો યોગ હોય સાંનિધ્ય હોય, મહારાજની સેવાનુ સતત સાંનિધ્ય રહેતું છતાં આમ કેમ સત્સંગના છાંટો કેમ નહીં ? તે વાત વિચાર માંગી લે છે પણ તે મહારાજની ઈચ્છાથી હોય શકે. તેમ માનવું રહ્યું. આપણા શાસ્ત્રો કોઈક જગ્યાએ બતાવ્યું છે કે જીવાબાપુ બ્રહ્માનંદ સ્વામી જેટલા બુધ્ધિશાળી હતા. છતાં આ રોલ તેમના ભાગમાં હતો. તે ભજાવીને મહારાજને સાથે પાછા અક્ષરધામમાં જતા રહ્યા. આવા આત્માઓ ને કોટિ કોટિ વંદન હો મારા. માટે તો આધારાનંદ સ્વામીએ આ વાતને તેમ લખ્યુ કે તોપની શોભા કિલ્લો મજબુત તોડવામાં છે. એક અભેદ કિલાને (જીવાબાપુને) મહારાજના ઉપદેશનો તોપગોળો તોડે તેજ તેની શોભા છે.

# ભુલો ભગત

**અહેવાલ :- શ્રીમતી પુષ્પાબેન કેરાઈ, અંજાર**

નંદાસણ ગામમાં ભુલા નામના એક સત્સંગી રહેતા હતા. સ્વાભાવે અતિ ભોળા જેને કોઈ દાવપેચ કે દગાનો ખ્યાલ નહિ.

ખેતીવાડી એનો ધંધો. વારે ઘડીએ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે. પ્રભુ પ્રત્યે એની નિઃસ્વાર્થ ભક્તિ. ભોળા એવા કે એને ઉત્તર દક્ષિણ કે અન્ય દિશાનું ભાન નહિ. વ્યવહારનું કોઈ જ્ઞાન નહિં.

આવા એ ભોળા ભકલા ભગત એક દિવસે સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા નીકળી પડ્યા. પોતા સાથે અન્ન -જળ કંઈ લીધું નહિ. કે રસ્તામાં ક્યાંકથી માંગી ખાવાની ટેવ નહિં. એમને અમ મહારાજ કંઈ બાજુએ છે એની દિશા જાણ્યા વગર ચાલવા માંડ્યું. મુખમાં પ્રભુનું નામ અને પ્રભુને વહેલી તકે મલવાની તાલાવેલી.

ત્યારે પોતાના ભોળા ભકલા ભગતની સંભાળ લેવા માટે ખુદ શ્રીજી મહારાજ બ્રાહ્મણનો વેશ લઈને સામા આવ્યા અને ભગતને સાથે રસ્તે દોરીને એના ભેગા ચાલવા માંડ્યા. રસ્તામાં અન્ય માણસો પાસેથી ભુલા ભગતને અન્ન પાણી લઈને જમાડે. ચાલતા ચાલતા છેટે ભુજ સુધી આવ્યા. બરાબર રસ્તો બતાવીને પોતે શ્રીજી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

અને બ્રાહ્મણનું રૂપ અદૃશ્ય કરીને સભામાં આવીને પાટ પર બેસી ગયા. ભુલા ભગતે મહારાજનાં દંડવત કરીને દર્શન કર્યા અને ઘણીવાર સુધી મહારાજની મૂર્તિ સામે જોઈ રહ્યા.

ત્યારે મહારાજે એને પૂછ્યું, "એય ભુલા ભગત, છેક નંદાસણથી આમ એકલા કેવી રીતના અહિં પહોંચી આવ્યા. આટલી વૃધ્ધ ઉંમર, સાથે કંઈ ભાથું નહિ અને કચ્છનો વિકટ રસ્તો કાપીને છેક ભુજ અમારી પાસે કઈ રીતના પહોંચી શક્યા?"

ત્યારે ભોળા ભુલા ભગતે મહારાજને રસ્તામાં મળેલ દયાળુ બ્રાહ્મણની વાત કરી જે એમને અન્ન-જળની સગવડ સાથે સાચે રસ્તે ચડાવીને છેક અહિં સુધી પહોંચાડી ગયા. ત્યારે મહારાજે એ બ્રાહ્મણ પોતે હોવાનું કીધું ત્યારે ભુલા ભગતને મહારાજની દયા દૃષ્ટિ પર ઊંડી શ્રધ્ધા બેસી. અને ફરી એકવાર એ મહારાજનાં ચરણમાં ઢળી પડ્યા.

# પરોપકારી રાજા રંતિદેવ

**અહેવાલ :- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર**

પરોપકારના સ્વભાવવાળા કોઈક જ વિરલા પુરુષ હોય છે. જે પોતે દુઃખ સહન કરીને બીજાનું હિત કરે છે. પરોપકારી રાજા રંતિદેવને ધન્ય છે. આ કેવા પુરુષ હતા!

ચંદ્રવંશમાં સંકૃતિ નામના રાજાના પુત્ર રંતિદેવ હતા. પિતાના સ્વર્ગવાસ પછી રંતિદેવ રાજા રાજ્ય કરવા લાગ્યા. સદાવ્રત ખોલાવ્યા, ગરીબ ભિક્ષુક બ્રાહ્મણને જમાડે. એક વખત રાજ્યમાં દુષ્કાળ પડ્યો. ગરીબોનું દુઃખ રાજા જોઈ ન શક્યો. છેવટે રાજ્યની બધી સંપત્તિ વપરાઈ ગઈ. તેમની પાસે ખાવા માટે એક મુઠ્ઠી જેટલું અનાજ કે પૈસો ન રહ્યો. તેથી રાજ્ય છોડીને પોતાની પત્ની સાથે જંગલમાં ચાલ્યા ગયા. ભૂખ્યા તરસ્યા આમતેમ ભટકવા લાગ્યા. છેવટે ૪૮ ઉપવાસ થયા. ૪૯માં દિવસે ભિક્ષામાં થોડું અન્ન મળ્યુ. તેથી બાળકો તથા પત્ની ખુશ થઈ ગયા. રાજા બધાને બેસાડી સરખા ભાગે અન્ન વહેંચી આપ્યું.

જ્યાં રાજા જમાવાની તૈયારી કરી ત્યાં એક ભૂખ્યો બ્રાહ્મણ આવી કરગરવા લાગ્યો. દુઃખ જોઈને રાજા પોતાના ભાગનું અન્ન આપી દીધું. ત્યાં વળી બીજો બ્રાહ્મણ આવ્યો પોતાની પત્નીનું અન્ન આપી દીધું. તેમની પાસે થોડું પાણી હતું. એમને થયું કે પાણી પીને તરસ છીપાવી લઈશું. ત્યાં એક અતિથિ કૂતરાંને લઈને આવ્યો બૂમો પાડતો પાડતો. હું કેટલા દિવસથી તરસ્યો છું. મને થોડું પાણી આપશો ? આ સાંભળી રંતિદેવ રાજાનું હૃદય દ્રવી ઉઠ્યું. અને દયા આવી ગઈ. પાણી પણ તેને આપી દીધું. રંતિદેવના પરોપકારની ભાવના જોઈને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણેય પ્રગટ થયા. અને કહેવા લાગ્યા કે ધન્ય છે...! ધન્ય છે...! અમે બ્રાહ્મણ ભિખારીના રૂપમાં આવી તમારી પરીક્ષા કરી. તમારી પરોપકારની ભક્તિથી રાજી થયા છીએ. કંઈક વરદાન માંગો.

ત્યારે રંતિદેવે દેવોને પ્રણામ કરીને માંગ્યુ કે, "દરેક જીવ-પ્રાણીના દુઃખો મને આવે અને તેઓ સુખી રહે એવું માંગુ છું." રંતિદેવની નિર્મળ પરોપકારીતા જોઈ ત્રણેય દેવો અતિ પ્રસન્ન થયા અને યોગીઓને પણ દુર્લભ એવી ગતિ કુટુંબ સહિત રંતિદેવને મળી.

**ધન્ય છે સંતોને, ધન્ય છે રંતિદેવ રાજાને!**

# સાવધાન !!! "વ્યભિચાર" સમાજ-સંસ્કૃતિ-ધર્મનો નાશ કરે છે

અહેવાલ :- રમણભાઈ એમ. ગજ્જર, અમદાવાદ

વ્યક્તિને જેટલી શારીરિક તંદુરસ્તીની જરૂર છે. તે જ રીતે સમાજને સમાજિક તંદુરસ્તીની પણ જરૂર છે. સમાજ એટલે સ્ત્રી-પુરુષ-બાળકો અને વૃધ્ધોનો સમૂહ. આપણે સૌ સામાજિક પ્રાણીઓ છીએ.

આ સમૂહ જ્યારે પ્રસંગોપાત એકત્ર થાય છે. ત્યારે સ્ત્રી-પુરુષે એક બીજાની મર્યાદાઓ રાખીને રહેવું જોઈએ.

સામાન્ય રીતે સ્ત્રી-પુરુષ આ બંને વિજાતીય પાત્રોને એક બીજામાં આકર્ષણ હોય છે. તે વૃત્તિ જળવાય તેમજ બીજા અન્ય કારણોને લઈને આપણી ભારતીય સંસ્કૃતિમાં "લગ્ન" સંસ્થાની રચના કરવામાં આવી છે. સોળ સંસ્કારમાંનો તે એક સંસ્કાર છે.

જેથી સ્ત્રી પુરુષમાં રહેલો કામ -વિષય વાસનાની પૂર્તિ સરળ રીતે સચવાઈ રહે છે. અને ગૃહસ્થાશ્રમ પર કોઈ જાતનું જોખમ ઊભું થાય નહિ.

સ્ત્રી-પુરુષમાં રહેલો કામનો આવેગ ! જાતીયતા ! એ કુદરતનું આયોજન છે. વંશ-વેલો ટકાવી રાખવા માટે કુદરતે રચેલી સૃષ્ટિનો તે એક ભાગ છે.

શ્રીજી મહારાજે વચનામૃત ગ્રંથમાં પ્રથમ પ્રકરણના ચોત્રીસમાં કહ્યું છે : "જે દિવસે પરમાત્માએ સૃષ્ટિની રચના કરી છે તે દિવસથી જ એવી કળ ચડાવી મૂકી છે કે ફરીથી પરમેશ્વરને દાખડો કરવો જ ન પડે તેથી પુરુષને સહેજે સ્ત્રીમાં હેત થાય છે અને સ્ત્રીને પુરુષમાં હેત થાય છે."

સામાજિક અને ધાર્મિક બંધનની નજરે સ્ત્રી અને પુરુષ લગ્નગ્રંથીથી જોડાય એટલે તે પતિ-પત્નીનો ગૃહસ્થાશ્રમ શરૂ થાય છે. ગૃહસ્થાશ્રમ શોભી ઉઠે તેથી શ્રીહરિએ આપણને ચોથું વર્તમાન "આવેરી" વ્યભિચાર ન કરવો એ આપેલું છે. અને તેનું સખતપણે પાલન કરવાની આજ્ઞા આપેલી છે.

વિ+અભિ+ચાર = વ્યભિચાર. વિ એટલે વિપરીત, અભિ એટલે સંપૂર્ણપણે, ચાર એટલે આચરણ. સમાજે સ્ત્રી પુરુષોની જે મર્યાદા નક્કી કરી છે તેનાથી વિરુધ્ધનું જે આચરણ કરવું તેનું નામ વ્યભિચાર.

સ્ત્રી પોતાના પતિ સિવાય અન્ય પુરુષ સાથે ગમન કરે તથા પુરુષ પોતાની પત્ની સિવાય અન્ય સ્ત્રી સાથે ગમન કરે તેનું નામ વ્યભિચાર. જે સમાજ માટે નુકસાન કર્તા છે. તેમજ જતે દહાડે સંસ્કૃતિ-સભ્યતાનો નાશ કરે છે.

ગૃહસ્થાશ્રમ વંદનીય છે, જ્યારે સ્ત્રી-પુરુષ બંને "એક પતિ વ્રત" અને "એક પત્ની વ્રત" પાળે ત્યારે.

જ્યારે સમાજમાં વ્યભિચાર ફેલાય છે. ત્યારે સમાજને ભારે નુકસાન થાય છે. કહેવત છે કે, "જળ-જમીન અને જોરુ(સ્ત્રી) ત્રણેય કજિયાના છોરું." વ્યભિચારના કારણે બોલાચાલી, ગાળાગાળી, મારામારી અને હત્યાના બનાવો સમાજમાં બને છે. વેર-ઝેરનો વિસ્તાર થાય છે.

આજકાલ ફેશનના નામે ટૂંકા વસ્ત્રો-અંગ-ઉપાંગો નજરે ચડે તેવા... સુરુચુ ભંગ થાય તેવો પોશાક પહેરીને દેવમંદિરે આવતા દર્શનાર્થીઓને રોકવા, મંદિરોના દરવાજે સૂચના બોર્ડ જોવા મળે છે. જે શું સારું લાગે છે?

સ્વેચ્છાચાર, સ્વછંદતા, વ્યભિચારને છૂટો દોર મળતાં આજે પશ્ચિમના દેશોમાં માનવ સભ્યતા - સંસ્કૃતિને લૂણો લાગી ગયો છે. આપણા દેશમાં તેની અસરો જોવા મળે છે.

આપણા સૌના હિતચિંતક શ્રીહરિએ "શિક્ષાપત્રી"માં આજ્ઞા : અઢાર : માં પ્રથમ આજ્ઞામાં, "ભક્તોને વ્યભિચાર ન કરવો તેમ જણાવ્યું છે. તેને નજર અંદાજ કરનારાઓએ ભાવિમાં તેની મોટી કિંમત ચૂકવવા તૈયારી રાખવી જ રહી."

આજે તો શારીરિક કરતાં માનસિક વ્યભિચાર ખૂબ જ ફૂલ્યો ફાલ્યો છે તે યોગ્ય નથી જ. પરસ્ત્રી - પરપુરુષ સાથે અથવા તેના વિષે બીજા સાથે શૃંગારની વાતો કરવી, તે વાણી દ્વારા થતો વ્યભિચાર છે. સ્ત્રી-પુરુષોના અંગ-ઉપાંગોને નજીકથી નીરખીને જોવા... તે તરફ લોલુપતા ભરી દૃષ્ટિ કરવી તે બધો માનસિક વ્યભિચાર... છેવટે શારીરિક વ્યભિચાર તરફ દોરી જાય છે. સ્ત્રી-પુરુષે એક બીજાની મશ્કરી કે પછી અડપલા કરવા ઊચિત નથી.

મનુસ્મૃતિ લખે છે કે, ''સ્ત્રી જો વ્યભિચાર કરે તો તેણી સમાજમાં નિંદાપાત્ર બને છે. પરલોકમાં શિયાળ યોનિમાં જન્મે છે અને પાપ તથા રોગ વડે પીડા પામે છે. તે મુજબ પુરુષ જો વ્યભિચાર કરે તો તેની પણ આવી જ દશા થાય છે.''

સ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ કરનાર પુરુષો જન્મથી જ આંધળા થાય છે તેમ મહાભારતમાં લખ્યું છે. વ્યભિચારીઓ દેહાંતે નરકમાં જઈ દુઃખ પામે છે.

અંતમાં ધર્મ માર્ગે પ્રગતિ કરવા માટે વ્યભિચારના દૂષણનો ભોગ ન બનીએ તે બાબતે સતર્કતા રાખવી તે મારા, તમારા અને આપણાં સૌની સંયુક્ત જવાબદારી છે. તે માટે પરમકૃપાળુ પરમાત્મા સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણને દિવ્ય બળ બુધ્ધિ, શક્તિ અને ભક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના છે.

# શ્રીઘનશ્યામના માનવીય ચરિત્ર

અહેવાલ :- પ્રિતીબેન કરસનભાઈ પોકાર, ભાલેજ

શ્રી સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી પર જન્મ લીધો એ સમયથી તેમણે અનેક પરચા બતાવી પોતાના દિવ્ય સ્વરૂપની જાણ કરી દીધેલી. બાલ્યકાળનું તેનું નામ શ્રીઘનશ્યામ હતું. પોતાના ભક્તજનને વિવિધ પરચાઓ દ્વારા સ્વયંમાં મંત્રમુગ્ધ બનાવી દીધા.

એક વખત ભક્તિમાતા પોતાના પુત્ર શ્રીઘનશ્યામને લક્ષ્મીબાઈ પાસે રમાડવા રાખ્યા અને રસોડામાં દેવતા પર ધાણા શેકવા ગયા, ત્યાં લક્ષ્મીબાઈએ પોતાના ચૂલા પર ઘરે દૂધ મૂકેલું તે ઉભરાઈ જવાની બીકમાં લક્ષ્મીબાઈ શ્રીઘનશ્યામને તેડીને પોતાના ઘરમાં દૂધ ઉતારવા માટે દોડી ગયા.

દૂધ ઉતારીને ખીચડી ચડાવતા હતા એ દરમ્યાન શ્રીઘનશ્યામને ધ્યાનમાં ન રાખ્યા અને લક્ષ્મીબાઈ રસોઈ બનાવતા હતા. બરાબર એજ સમયે એક ભૈરવદન નામનો મહાકાય અસુર ત્યાં આવી પહોંચ્યો અને શિશુરૂપ ભગવાનને ઉપાડીને આકાશમાર્ગે ચાલ્યો એની જાણ લક્ષ્મીબાઈને ન રહી.

થોડીક વારમાં ભક્તિમાતા ઘરમાંથી બહાર ઓસરીમાં આવ્યા. ચોતરફ જોયું પણ લક્ષ્મીબાઈ અને શ્રીઘનશ્યામ ક્યાંય દેખાયા નહિં. પુત્રની ચિંતામાં દોડતાં તેઓ લક્ષ્મીબાઈના ઘેર પહોંચ્યા અને પૂછ્યું કે, ''લક્ષ્મીબાઈ ! શ્રી ઘનશ્યામ ક્યાં છે ?'' તરત આ સાંભળતા તેઓ બહાર દોડી આવ્યા.

લક્ષ્મીબાઈએ કહ્યું તે, ''મે તો અહીં શ્રીઘનશ્યામને રમવા માટે મુકેલા. પછી રસોઈ કરવા ગયેલી. એટલામાં ક્યાં નીકળી ગયા હશે એ મને ખબર ન રહી.'' આ લક્ષ્મીબાઈની વાત સાંભળતા જ ભક્તિમાતા આઘાત પામીને ત્યાં મૂર્છામાં આવી ગયા.

એટલામાં તો સર્વે છપૈયાવાસી નગર જનોને ભક્તિમાતા મૂર્છા પામ્યાની જાણ થતાં જ ભેગાં થઈ ગયા. બધાય જણે આવીને ભક્તિમાતાની મૂર્છાનું કારણ પૂછ્યું. લક્ષ્મીબાઈએ તે કારણ જણાવ્યું. સર્વે શોકમગ્ન નગરજનોએ ભક્તિમાતાને પાણી છાંટીને ભાનમાં લીધાં.

આ તરફ શ્રીઘનશ્યામ મહારાજ આખરે બાળસ્વરૂપમાં ભગવાન જ હતા ને તેમણે પોતાની લીલા બતાવવાનું આરંભ્યું. શ્રીઘનશ્યામે પોતાનું વજન અત્યંત ભારે બનાવી દીધું. તરત ભૈરવદન અસુરને જાણે પાષાણની શીલા ઉપાડી હોય એમ લાગવા માંડ્યું. એમ જાણી હેઠે મૂકવા વિચાર્યું.

ત્યાં તરત શ્રીઘનશ્યામ મહારાજે આ અસુરનું ગળું દબાવ્યું ને તેના ડોળા બહાર આવી ગયા. તે જાણે કે પ્રાણહિન બની ગયો. પછી ઘનશ્યામ બોલ્યા કે, હે દુષ્ટબુધ્ધિ ! જા, તને કોણ મારે ? આ પ્રમાણે એ ભૈરવદનનો તિરસ્કાર કરી અને તેને ફેંકી દીધો. તે રાક્ષસ દેશાંતરમાં જઈ પડ્યો.

પછી તરત ત્યાંથી ભગવાન શ્રીઘનશ્યામ મહારાજ પોતાના ઘેર પાછા આવ્યા અને જોયું તો ત્યાં પોતાના ઘરે સર્વ નગરજનો ભેગા થયા હતા. ભક્તિમાતા રુદન કરતા હતા. શ્રીઘનશ્યામ મહારાજને આવેલા જોતા જ સૌ આનંદથી મગ્ન થઈ ગયા અને સર્વેએ આ દિવ્ય ચરિત્ર જાણ્યું અને શ્રીઘનશ્યામમાં પ્રેમ કર્યો.

# સત્સંગમાં દિવ્યતા

**અહેવાલ :- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા, અમદાવાદ**

સર્વાવતારી, સર્વોપરી શ્રીહરિએ પ્રવર્તાવેલો આપણો આ મૂળ પ્રણાલિકાનો સત્સંગ દિવ્ય હતો, દિવ્ય છે અને દિવ્ય જ રહેવાનો છે. સત્સંગમાં જો સ્થૂળતાં કે સુષુપ્તિનો આભાસ થતો હોય તો દોષ દૃષ્ટિનો જાણવો.

''પરમેશ્વરના અવતાર અને પરમેશ્વરના સંત એ તો કલ્યાણકારી જ છે,પરંતુ અવળી બુધ્ધિ હોય તેને અવળું જ સૂઝે''(ગ.પ્ર.પ્ર. ૩૧). ભગવાન અને ભગવાનના ભક્તનો અવગુણ લેવો તેને શ્રીજી મહારાજે અવળી બુધ્ધિવાળા શિશુપાળ જેવો આસુરી કહ્યો છે.

સત્સંગ તો દર્પણ તુલ્ય છે. જેવા ભાવ સાથે સત્સંગમાં જઈએ તેવું જ પ્રતિબિંબ ભાસે. દિવ્ય ભાવે સત્સંગ કરીએ તો સત્સંગ તુલ્ય દિવ્ય બીજું કાંઈ છે જ નહિં !

જગતમાં જેનો બાપ નેતા હોય કે પોલિસ અધિકારી હોય તેમના નબીરાઓ પણ બાપની પદવીનો કેટલો કેફ રાખીને ફરતા હોય છે ? જ્યારે આપણને સૌને તો સર્વાવતારી શ્રીહરિ પ્રત્યક્ષ મળ્યા છે, પછી ન્યૂનતા શા માટે અનુભવવી જોઈએ ?

એકવાર મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે, ''હે મહારાજ ! કોઈક તો સત્સંગમાં દિવસ દિવસ પ્રત્યે વૃધ્ધિને પામતો જાય છે અને કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે ઘટતો જાય છે તેનું શું કારણ છે ?''

પછી શ્રીજી મહારાજે ઉત્તર કર્યો કે, ''મોટા જે સાધુ (મોટા પુરુષ, ભગવાનના ભક્ત) તેનો જે અવગુણ લે છે તે ઘટતો જાય છે, અને તે સાધુનો જે ગુણ લે છે તેનું અંગ વૃધ્ધિ પામતું જાય છે અને તેને ભગવાનને વિષે ભક્તિ પણ વૃધ્ધિ પામે છે. માટે એવા સાધુનો અવગુણ ન લેવો ને ગુણ જ લેવો. અને અવગુણ તો ત્યારે જ લેવો, જ્યારે પરમેશ્વરની બાંધેલ જે પંચવર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો. પણ કોઈ વર્તમાનમાં ફેર ન હોય ને તેની સ્વાભાવિક પ્રકૃતિ ઠીક ન જણાતી હોય તેને જોઈને તે સાધુમાં બીજા ઘણાક ગુણ હોય તેનો ત્યાગ કરીને, જો એકલા અવગુણને જ ગ્રહણ કરે તો, તેના જ્ઞાન, વૈરાગ્ય આદિક જે શુભ ગુણ તે ઘટી જાય છે. માટે વર્તમાન ફેર હોય તો જ અવગુણ લેવો પણ અમથો ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ અને જો અવગુણ લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃધ્ધિ થતા જાય છે(ગ.પ્ર.પ્ર. ૫૩).''

સત્સંગમાં દિવ્યતા કેમ અનુભવવી તેનો સચોટ ઉત્તર શ્રીહરિએ આ વચનામૃતમાં કર્યો છે. કવિવર દલપતરામની પેલી પ્રાચીન બાળ કવિતા આપણા સૌ જાણીએ છીએ.

એક દિવસ જંગલમાં પશુ-પંખી, પ્રાણીઓની સભા મળી. તેમાં ઊંટભાઈ એકદમ ઊભા થઈને બોલવા લાગ્યા કે, ''આ બગલાની તો ડોક વાંકી છે, કૂતરાની પૂછડી વાંકી છે, પોપટની ચાંચ વાકી છે...'' એમ બધાય પશુ-પંખીના એક એક વાંકા અંગની વાત માંડી ! આ સાંભળી શાણા શિયાળભાઈ પછી ઊભા થઈને બોલ્યા, ''ઊંટભાઈ ! અન્યનું તો એક જ વાંકું છે, પરંતુ આપના તો અઢારેય અંગ વાંકા છે તેનું શું ?''

મનુષ્યનો એક સ્વભાવ હોય છે કે પોતાના અઢાર અવગુણોને ભૂલીને સામાવાળાના એકાદ જ અવગુણ જો હોય તો તે ઝટ નજરે ચડે છે !

સત્સંગમાં આવીને આપણા અવગુણને વિચારવાના છે, યાદ રાખવાનાં છે અને બીજા સંત કે હરિભક્તનાં એકાદ સ્વભાવિક અવગુણને વિસારવાનાં છે, ભૂલી જવાના છે.

શું શ્રવણ કરવું ? શું મનન કરવુ ? અને શું વિચારવું ?(નિધિધ્યાસ) એ જ તો સત્સંગમાંથી શીખવાનું છે. આપણા વિચારો અને સત્સંગની દિવ્યતાને સીધો જ સંબંધ છે. જેમ અન્ન એવો ઓડકાર તેમ વિચાર તેવો વ્યવહાર. સત્સંગમાં અહોપણું રાખીને સારા વિચારો કેળવવાથી વ્યવહાર નિર્મળ અને નિરોળો બને છે. પરંતુ બગડી ગયેલ કેરી જેવી ભૂમિકા ભજવીશું તો સત્સંગરૂપી છાબમાં બગાડ જ ફેલાશે.

સત્સંગ તો દૂધ જેવો ઉજળો અને મીઠો છે. તેમાં સાકરની જેમ સૌએ હળીમળી જવાનું છે, ઓગળી જવાનું

છે. અને તોજ સત્સંગમાં મીઠાશ અનુભવાશે. પરંતુ જો સત્સંગી માત્રના નાનાશા અવગુણરૂપી ઝેરનું એક નાનુંશું ટીપું પણ ઓકીશું તો સત્સંગરૂપી દૂધ-સાકરનો કટોરો જરૂર ઝેર બનશે.

પરમાત્મા શ્રીહરિએ ખૂબ જ દૂરંદેશી વાપરીને સત્સંગનું બંધારણ ઘડ્યું છે. શિક્ષાપત્રી-વચનામૃતમાં નિરૂપેલા આજ્ઞા-આદેશ કે જ્ઞાનવાર્તાઓના બોધમાં એક શબ્દનું પણ છળ કરીને માનમાની રીતે વર્તવાની સ્પષ્ટ ના છે. બાઈ, ભાઈ, ત્યાગી, ગૃહસ્થ સૌના સામાન્ય અને વિશેષ ધર્મ અત્યંત સ્પષ્ટ રીતે સમજાવ્યા છે.

આપણા સત્સંગરૂપી પુષ્પમાં શોભા અને સુગંધ બંનેનો સુંદર સમન્વય છે. દિવ્ય, માધુરી, લાવણ્યમયી શ્રીહરિની પ્રત્યક્ષ મૂર્તિની શોભા છે તો સત્સંગ-પ્રણાલિની અનુપમ સુગંધ પણ છે ! ધર્મવંશી આચાર્યશ્રી અને સંતોની માનમર્યાદા અને અનુવૃત્તિમાં રહીને સર્વે સંતો અને હરિભક્તો સાથે આત્મીયતાથી વર્તશું તો શ્રીહરિ સાથે પણ આત્મીયતા રહેશે, નહિ તો પછી ઠરવાનું કોઈ ઠામ રહેતું નથી અને અર્ધબળેલા કાષ્ટની પેટે ધુંધવાયા કરવાનું છે.

એકાદ સાધનમાં શીથિલતા ચાલી જશે પરંતુ સત્સંગ પ્રણાલિમાં નિરૂપેલા આચાર્યશ્રી, ધર્મનિષ્ઠ અને ગુણાનુરાગી સંત તથા હરિભક્તના ગુણભાવને ભૂલીને એમનામાં રહેલા સ્વભાવિક અલ્પ દોષને જ પરઠવા લાગીશું તો સત્સંગમાં બધું જ બગડેલું લાગશે, જેનો કાંઈ ઉપાય નથી.

"અન્યનું તો એક વાંકુ આપના(આપણા) અઢાર છે !"

કવિશ્રી દલપતરામનો આ બોધ ગ્રહણ કરીને સત્સંગમાં હરહંમેશ દિવ્યભાવ-ગુણભાવ જ રાખવાનો છે કેમ કે છેવટે તો જેવી 'દૃષ્ટિ તેવી જ સૃષ્ટિ' ભાસે છે.

આપણા સત્સંગ જેવી દિવ્યતા અન્યત્ર ક્યાંય નથી અને આ જ સાચી 'સત્સંગ-સુરભિ' છે.

# શ્રી સ્વામિનારાયણ મહામંત્રના ભજનથી વેશ્યાઓનો ઉધ્ધાર થયો

અહેવાલ :- જાદવા આર., માનકુવા

તે સમયે ભુજના કારભારી જગજીવન નામે હતા. તે જાતે નાગર બ્રાહ્મણ હતા. તે પોતે સત્સંગ વિરોધી હતા અને એની સ્ત્રી તથા બહેન બંને દૃઢ સત્સંગી હતા. આ કારણથી એમની ઉપર પણ મર્યાદા મૂકીને ઈર્ષ્યા કરતા અને એમને બાળવા માટે ચાકર કે કોઈ ક્ષુદ્ર હોય તેને પણ 'સહજાનંદ' એવા અપમાન ભર્યા નામથી બોલાવીને બહુ જ હલકું કામ કરવાનું પણ કહેતા.

એક વખત બે વેશ્યાઓને લાલચ આપી સમજાવીને સુંદરજી અને હીરજીને ઘેર મોકલી. તેણીઓ ઘરમાં મહારાજ પાસે આવી પોતાની જાતિની ચેષ્ટાઓ કરવા લાગી. તેને જોઈને મહારાજ બોલ્યા કે, "શરમ મર્યાદા મૂકીને વેશ્યા થઈને આવી દુષ્ક્રિયાઓને અહર્નિશ કરો છો. તેથી જમપુરીનો માર ખાઈને મરી જશો તો પણ છૂટકો થવાનો નથી." ત્યારે તે વંઠેલ વેશ્યાઓ બળથી બોલી કે, "જમપુરી વળી કોવી હોય ? એ તો એક ભોળા લોકોને છેતરવા માટે તુત ઊભું કર્યું છે." ત્યારે તેણીને સમાધિ કરાવીને જમપુરીમાં મોકલી.ત્યાં એક કલાક રાખી. ત્યાં તો 'મારો..મારો, કાપો..કાપો, ખાવો..ખાવો' એવા ભયંકર ભૂંડા શબ્દોને સાંભળીને, તેમજ એવું બીજું ભયાનક દૃશ્ય દેખીને અત્યંત ત્રાસ પામીને, મહારાજની મરજી થતાં બારણે આવીને બોલી કે, ' હે મહારાજ ! આતો બહુ દુઃખ અસહ્ય છે, એ દુઃખ કોઈ રીતે મટે અને સુખ મળે એવો ઉપાય બતાવો.' ત્યારે દયાળુ મહારાજે સહેલો ઉપાય બતાવ્યો કે, "આ સર્વથા નીચ ધંધો છોડીને પુરુષ માત્રને ભાઈ બાપ જેવા માનીને 'સ્વામિનારાયણ' એવા મંગળ નામથી ભજન કરો તો એ દુઃખ ટળે." એટલે મુમુક્ષુ વેશ્યાઓએ તેમ કરવા તત્પરતા જણાવી. એટલે એમને સમાધિ દ્વારા સુખ સમુદ્ર અક્ષરધામ દેખાડ્યું. પછી તે વેશ્યાઓ પિંગળા વેશ્યા કે જેમાંથી દત્તાત્રેય મુનિએ ગુણ ગ્રહણ કર્યો હતો. તેની પેઠે પોતાનો પાપ ધંધો છોડીને સત્સંગી થઈ.

'સ્વામિનારાયણ' મહામંત્ર વેશ્યાઓનો પણ મોક્ષ કરી શકે એવો પ્રતાપી છે. તો આપણે તો સત્સંગીના દીકરા-દીકરીઓ છીએ તેથી વિશેષ સાવધાન રહેવું જોઈએ.

# પ્રેમબાઈ

અહેવાલ :- ધરમશીભાઈ દેવશી ભગત, ત્રિવેન્દ્રમ

દીવ બંદર ગામે આ પ્રેમબાઈ રહેતા હતા. પોતે સત્સંગી હતા. તેનું પિયર ઉના ગામે હતું. પિતા ધનાઢ્ય હતા. તેથી દીકરી પાસે સારા પૈસા ને ઘરેણાં હતા. તે વિદાય થઈ પછી સંસાર અસાર લાગ્યો. તેને સ્વામિનારાયણ ભગવાનની વાતો તો પીયરમાં સાંભળેલી હતી જ પણ મહારાજ ક્યારેય જોયા ન હતા. તેને મહારાજને ભેટ ધરવા મોંઘો પોષાક તૈયાર કર્યો ને ઘરેણાં પણ તૈયાર કર્યા. જ્યારે મહારાજના દર્શન થશે ત્યારે આ પોષાકને ઘરેણાં ભેટ ધરીશ. શભુલા ગામનો એક બ્રાહ્મણ નામે મૂળો રાજગર તેને આ વાતની ખબર પડી કે પ્રેમબાઈ મહારાજની રાહ જોઈને બેઠી છે તે કેમ કરીને પડાવી લેવા. તેની મૂળાએ યોજના બનાવી. તેને સત્સંગની રીતભાત જાણી લીધી. સવારમાં પૂજા કરી મોટો તિલક-ચાંદલો કરી એક દિવસ દિવબંદરે પ્રેમબાઈને ઘેર પહોંચી ગયો. જય સ્વામિનારાયણ કહી બેઠા ને પોતાની એક અલગ ઓળખાણ આપી કે હું નર નો અવતાર છું ને સ્વામિનારાયણ એ નારાયણનો અવતાર છે. આ રીતે અમે સગા ભાઈઓ હતા. મને મહારાજે જ મોકલ્યો છે. મારે તો બહેનો જોડે વાત કરાય સંતોને ન કરાય. પ્રેમબાઈએ મહારાજે મોકલ્યા છે જાણી મહિમા મંડિત થઈ ઉતારો દીધો ને ૧૫ દિવસ સારા ભોજન જમાડ્યા. ગઢપુરમાં મહારાજને ચિંતા થઈ આ ઠગ પ્રેમબાઈને ઠગી જશે. મહારાજે તરત કાગળ લખ્યો. પૂર્ણાનંદ અને કૃપાનંદ સ્વામી ઉપર આ સંતો ત્યારે ઉના ગામે હતા. તમે કાગળ મળતાં દીવ બંદર રવાના થજો ત્યાં પ્રેમબાઈને છેતરવા એક ઢગ રોકાયો છે તે થકી રક્ષા કરો. સંતો દીવ પ્રેમબાઈને ઘેર પહોંચ્યા તે પહેલાં વસ્ત્ર અલંકાર લઈ વહાણમાં બેસી મૂળો મુંબઈ જવા રવાના થઈ ગયેલ. પ્રેમબાઈની સાસુ સત્સંગી ન હતા. આ ઘટના પછી તે પ્રેમબાઈને મહેણાં મારતી થઈ ગઈ. આવા તારા સત્સંગી ? ઠગી લેનારા ? તારા ભગવાન સાચા હોત તો આ ઠગ થકી રક્ષા કેમ ન કરી ? થોડા દિવસ પછી સાસુ જેને ગુરુ માનતી હતી તે બાવો તેના ઘેર આવ્યો. તે મલિન વૃત્તિનો હતો. સાસુએ તેને ઘરમાં ઉતારો આપ્યો ને નિત્ય નવાં ભોજન કરી જમાડવા લાગી. બાવાની નજર પ્રેમબાઈ પર હતી. પ્રેમબાઈ યુવાન હતાં. પાછા તે વિધવા માખી વિનાનું મધ ખાવા બાવો તૈયાર થયો. બાવાની બૂરી નજર પ્રેમબાઈએ પારખી લીધી. તે બાવાથી દૂર રહેવા લાગી. બાવાને થયું પ્રેમબાઈ આમ જાળમાં આવે તેમ નથી તેથી સાસુને ફરિયાદ કરી તારી વહુ મારું ધ્યાન નથી રાખતી, પ્રેમથી બોલાવતી નથી તેનું તને પાપ લાગશે. માટે વહુને તમે સમજાવી દો. મહારાજને પ્રેમબાઈની ચિંતા થઈ એક ઠગ તો અમારા વસ્ત્રોને ઘરેણાં ચોરી ગયો. આ વળી બીજો ઠગ પેદા થયો જે પ્રેમબાઈનું શિયળ લૂંટવા માંગે છે. માટે હવે પ્રેમબાઈને જરૂર ઉગારવી. અને પ્રેમબાઈ પણ મહારાજને પ્રાર્થના કરતી કે દર્શન તો તમે જ્યારે દેવા હોય ત્યારે દેજો પણ હમણાં આ ઠગ થકી બચાવો.

મહારાજે વિચાર કર્યો સંતોને મોકલશું તો આ બાવો દાદ નહિ દે માટે બળવાન ને શૂરવીર બે પાર્ષદ સોમલા ખાચર ને બીજા ભીમભાઈને જ આજ્ઞા કરી. બંને ઢાલ તલવારથી સજ્જ થઈ ઘોડે સવાર થઈ ચાલી નીકળ્યા. પ્રેમબાઈને ઘેર જઈ સાસુને કહ્યું અમને સ્વામિનારાયણ ભગવાને મોકલ્યા છે. તમારો ગુરુ બાવો ક્યાં છે ? જલદી બતાવો. સાસુ ડરી ગયા. આ રહ્યા ગુરુજી. બંને જણે બાવાને એક ઓરડામાં જ બંધ કરી ઢોર માર માર્યો. બાવો મનથી ભાંગી પડ્યો. બોલ કેટલા દિવસથી અહીં પડ્યો છે ને તારો મૂળ ઈરાદો શું છે ? સાચું નહિ કહે તો જાનથી મારી નાંખશું. પછી બાવો સાચું બોલ્યો. દિવસના પૂજાતો હું ને રાતે આ પ્રેમબાઈ સાથે રંગરેલીઆ મનાવું આ ઈરાદો હતો. પણ તમે તો યમરાજ બનીને આવ્યા છો. મને માફ કરો ને જીવતો જવા દો. ફરી ક્યારેય આ દીવ ગામમાં પગ નહિં દઉં.પછી બાવાને ગામ બહાર તગડી મૂક્યો ને પ્રેમબાઈને સલાહ આપી મહારાજે કહ્યું છે તમે અહિં ન રહેજો. તમારા પિયર ઉના ગામે રહેવા જતા રહેજો. ઉના ગામે અમારા તમને દર્શન થશે. પછી પ્રેમબાઈ દીવ છોડી ઉના રહેવા ગયાં અને ત્યાં ફરીવાર મહારાજ માટે કિંમતી

પોષાક ને ઘરેણાં તૈયાર કરાવ્યા. આ પોષાક હું મારા હાથે ભેટ ધરીશ. દિવાળીનો અન્નકૂટોત્સવ કરવા મહારાજ કારીયાણી આવવાના છે. પ્રેમબાઈ ખૂબ આનંદમાં આવી ગયા. ઘરેણાં ને વસ્ત્રો લઈ ગુપ્ત પણે કારીયાણી પહોંચી ગયા. મહારાજ સુરતના માધવજીભાઈએ આપેલ ઢોલીયા પર દીપમાળા વચ્ચે બિરાજમાન હતા. આ દર્શન થતાં પ્રેમબાઈ એવાં ભાવવિભોર બની ગયાં કે જાણે હમણાં દોડીને ભેટી પડશે. આંખમાં હર્ષનાં આંસુ છલકાઈ આવ્યા. મહારાજે પણ પ્રેમબાઈનો ભાવ જાણી ઢોલિયેથી ઊભા થઈ સામે ચાલીને વસ્ત્ર અલંકાર હાથોહાથ સ્વીકાર્યા. જેનો ઉલ્લેખ કારિયાણીના વચનામૃત ૧૧માં કરલો છે. મહારાજે આ કિંમતી પોષાક પહેર્યો ને પછી ઉતારીને દીનાનાથ ભટ્ટને આપી દીધો. આથી ઘણાને બળતરા થઈ કે આવડો કિંમતી પોષાક ને ઘરેણાં આમ બ્રાહ્મણને દઈ ન દેવાય. મહારાજે પ્રેમબાઈની ભેટની કદર ન કરી. ઈર્ષાનું આ રૂપ છે જો તે પોતાને આપ્યા હોત તો બરાબર થયું ગણાત. દાનમાં આપી દેવાનો મહારાજનો સહજ સ્વભાવ હતો. પ્રેમબાઈ ૯૯ વર્ષ જીવ્યા. પોતાનું જે કંઈ હતું તે તમામ ઉના મંદિરમાં અર્પણ કરી દીધું. એ મુજબનો શિલાલેખ આજે પણ ઉના મંદિરમાં જોવા મળે છે.

# ગાયને બચાવીએ

- ગૌસેવા આયોગ, ગુજરાત

મહિલાઓ રસોડાનો એઠવાડ તથા શાકભાજીના છોતરા વગેરે વધેલી ખાદ્ય વસ્તુઓ પ્લાસ્ટીકની થેલીમાં ભરીને રસ્તાઓ ઉપર ફેંકે છે. ગાયો પ્લાસ્ટીકની કોથળી સાથે આ વસ્તુઓ ખાઈ જાય છે. જેથી કરીને ગાયોના પેટમાં પ્લાસ્ટીકની થેલીઓ પચ્યા વગર જમા થાય છે. જે ગાયોના સ્વાસ્થ્યને ગંભીર નુકસાન કરે છે. ગાયના પેટમાં જમા થયેલ કોથળીઓનો ગઠ્ઠો થઈ જાય છે અને ગાયોના શરીરની બહાર મોટી ગાંઠ દેખાય છે. ઘણી ગાયોના પેટનું ઓપરેશન કરીને લગભગ ૪૦ થી ૫૦ કિલો પ્લાસ્ટીકની કોથળીઓ કાઢવામાં આવી છે. બેકાળજીથી ઓપરેશન કરતાં ગોયનાં મૃત્યુ પણ થવાની સંભાવના પેદા થાય છે. ઓપરેશનનો ખર્ચ પણ મોટો આવે છે. આ બાબતે મહિલોએ કાળજી લેવી આવશ્યક છે. કદાચ એવી ગાય કે જેના પેટમાં પ્લાસ્ટીકની થેલી જમા થયેલી જણાય તો આ પ્રમાણે સારવાર થઈ શકે.

ઉપાય : ૨૦૦ ગ્રામ દિવેલ, ૨૦૦ ગ્રામ તલનું તેલ, ૨૦૦ સરસીયું, ૧૦૦ ગ્રામ હરડેનું ચૂર્ણ ભેગું કરીને ઉકાળીને ઠંડુ કરીને તેના ત્રણ સરખા ભાગ કરીને ત્રણ વખત આપવાથી ગાયોના પેટમાં રહેલી કોથળીઓ પેટમાંથી નીકળી જાય છે. આ સરળ, રસ્તો અને બિનજોખમી ઉપાય છે.

# ધનુર્માસ ધૂન તથા શાકોત્સવ

શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ મધ્યે તા. ૮-૧-૨૦૧૬ ના રોજ સવારના ૬થી૭ એક કલાક ભવ્ય ધૂનનું આયોજન રાખવામાં આવેલ છે. આ ધૂનનો લાભ લેવા પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પણ પધારશે. ત્યારબાદ ૮:૩૦ કલાકે શાકોત્સવની ભવ્ય કથાનું આયોજન પણ રાખવામાં આવેલ છે. આ મહોત્સવનો લાભ લેવા સર્વે હરિભક્તોને ભાવભર્યું આમંત્રણ છે.

- કોઠારી સ્વામી

# ગુરુભકત એકલવ્ય

મિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ.....આપણે આપણા વડીલો પાસેથી સાંભળ્યું છે કે એકલવ્યની ગુરુ ભક્તિ ખૂબ વખાણવા લાયક રહી છે. તો આપણે આ દૃષ્ટાંત વાર્તાને સમજી આપણા જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ.

નિષાદરાજ હિરણ્યધનુ રાજાનો પુત્ર એકલવ્ય તેને બાણાવળી બનવું હતું. કોઈપણ વિદ્યામાં પારંગત થુવં હોય તો ગુરુની જરૂર પડે. તે વિચારવા લાગ્યો કોની પાસેથી વિદ્યા મેળવવી. ગુરુની શોધ કરતાં તેને જાણવા મળ્યું કે હસ્તિનાપુરમાં રાજકુમારોને આચાર્ય ગુરુ દ્રોણાચાર્ય ધનુર્વિદ્યા શીખવે છે. તે સાંભળીને તરત જ મનમાં નિશ્ચય કરી લીધો કે મારે ગુરુ દ્રોણાચાર્ય પાસે વિદ્યા શીખવા જાવું છે. તે ઘેરથી ચાલી નીકળ્યો. હસ્તિનાપુર જઈને ગુરુ દ્રોણાચાર્યજી ના આશ્રમમાં જઈને દુરથી દંડવત પ્રણામ કર્યા. વર્ણાશ્રમના ધર્મ પ્રમાણે વેશ ઉપરથી વર્ણની ઓળખાણ થઈ જતી. દંડવત કરતા જોઈને ગુરુ દ્રોણાચાર્યે તેને પુછ્યું, ભાઈ! તમે કોણ છો ? શા કારણે આવ્યા છો ?

ત્યારે એકલવ્ય કહે છે, હું નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર એકલવ્ય છું "તમારા શ્રીચરણોમાં રહીને ધનુર્વિદ્યા શીખવા આવ્યો છું." આમ સાંભળીને ગુરુ વિચારમાં પડી ગયા. તે વિચાર કરે છે કે, રાજકુમારોની સાથે એક ભીલ બાળકને વિદ્યા કેમ આપવી તે વિચારમાં પડી ગયા. વિચારને અંતે ગુરુ એકલવ્યને કહે છે, બેટા, મને દુઃખ સાથે કહેવું પડે છે કે, હું બ્રાહ્મણ અને ક્ષત્રિયના બાળકો સિવાય બીજા કોઈને વિદ્યા આપતો નથી.

એકલવ્યે દ્રોણાચાર્યને મનોમન ગુરુ માન્યા હોવાથી ગુરુના વચન સાંભળીને કોઈપણ જાતના રોષ કર્યા વગર દંડવત પ્રણામ કરીને કહે છે. "ગુરુદેવ! મેં તો તમને ગુરુ તરીકે માની નિશ્ચય કરી લીધો છે. પણ મારા થકી તમને કોઈપણ જાતનો સંકોચ થાય એવું મારે નથી કરવું, પણ સદાય મારા ઉપર તમારી કૃપાદૃષ્ટિ રહે એવા આર્શિવાદ જોઈએ."

આમ કહીને એકલવ્ય ત્યાંથી ચાલી નીકળ્યો અને સીધો જંગલમાં ગયો. અને એકાંત સ્થળમાં જઈને એક વૃક્ષ નીચે જગ્યા સાફ કરીને ત્યાં એક આસન બનાવી તે આસન ઉપર મનથી જેને ગુરુ માન્યા છે. તેવા ગુરુ દ્રોણાચાર્યજીની માટીની મૂર્તિ બનાવીને સ્થાપિત કરી. અને તે ગુરુની નિશ્રામાં વિદ્યા ભણવા લાગ્યો. ભગવાનની દયા અને ગુરુ પ્રત્યે પુજ્ય ભાવથી એકલવ્ય મોટો ધનુર્ધર બની ગયો.

એક વખત ગુરુ દ્રોણાચાર્ય પોતાના શિષ્યો સાથે જંગલમાં ફરવા નીકળ્યા તેમની સાથે એક કુતરો પણ હતો. જંગલમાં કુતરો આગળ નીકળી ગયો, તે એકલવ્યની કુટીર પાસે આવીને એકલવ્યનો વેશ જોઈને ભસવા લાગ્યો. ત્યારે એકલવ્ય પોતાની વિદ્યામાં લીન હતા.

આ કુતરો તેને વિદ્યામાં વિઘ્ન હતો તેથી તેણે કુતરાને કોઈ પણ જાતની ઈજા પહોંચાડ્યા વગર બાણ છોડ્યા જે કુતરાના મોઢામાં ભરાઈ ગયા અને કુતરો ભસતો બંધ થઈ ગયો ફરી પોતે અભ્યાસમાં લાગી ગયો. આ બાજુ કુતરો જઈ પહોંચ્યો પોતાના માલિક પાસે કુતરાના મોઢામાં આ રીતે બાણ જોઈને બધા વિચારમાં પડી ગયા કે આ કુતરાને કોઈ પણ જાતની ઈજા પહોંચાડ્યા વિના આડા અવળા બાણથી કુતરાનું મોઢું બંધ કરનાર બાણાવળી કોણ હશે ? ત્યારે સાથે રહેલા અર્જુન આ જોઈને ચકિત થઈ ગયો અને ગુરુ દ્રોણાચાર્યને કહે છે, "ગુરુદેવ ! તમે કહેતા હતા કે આ પૃથ્વી ઉપરથી ઉપર કોઈ

બાણાવળી નહીં હોય, પણ આ જોઈને લાગે છે કે આવી બાણવિદ્યા તો મારામાં પણ નથી.''

ત્યારે ગુરુ કહે છે, ચાલો આપણે જોઈએ કે આવો મોટો બાણાવળી કોણ છે. આમ ગુરુ સાથે બધા શિષ્યો જંગલમાં આગળ વધે છે, ત્યાં એકલવ્યના આશ્રમમાં આવે છે. એકલવ્ય ગુરુને આવતાં જોઈને દંડવત પ્રણામ કરીને પગે લાગ્યો. દ્રોણાચાર્ય કહે છે, ''બેટા! તે આ બાણ વિદ્યાનો ઉત્તમ અભ્યાસ કોના થકી પ્રાપ્ત કર્યો?''

ત્યારે નમ્રતાથી બે હાથ જોડીને એકલવ્ય કહે છે, ''ગુરુદેવ! હું તો તમારો જ દાસ છું'' અને મૂર્તિ તરફ સંકેત કરી હાથ જોડીને કહે છે. મેં આ વિદ્યા તમારા થકી જ પ્રાપ્ત કરી છે. ત્યાં ગુરુ વિચારમાં પડી ગયા કે આ બાળકની શ્રધ્ધા અને વિશ્વાસ જોઈને તે અર્જુનને બાણાવળી બનાવવામાં અંતરાય થશે આમ વિચારીને કહે છે, તેં વિદ્યા તો પ્રાપ્ત કરી પણ ગુરુદક્ષિણા નહીં આપે ? ત્યારે ખૂબ આનંદ સાથે એકલવ્ય કહે છે માગો ગુરુદેવ! જે આજ્ઞા કરશો તે હું ગુરુદક્ષિણામાં આપીશ. ત્યારે દ્રોણાચાર્યે ગુરુદક્ષિણામાં એકલવ્યના જમણા હાથનો અંગુઠો માગે છે, કારણ કે અંગુઠાના ઉપયોગથી જ બાણ ચલાવી શકાય જો અંગુઠો ન હોય તો બાણ ચલાવી ન શકે અને અર્જુન શ્રેષ્ઠ બાણાવળી બને, એકલવ્યે તરત જ કોઈ પણ જાતની શંકા કર્યા વગર ગુરુને દક્ષિણામાં પોતાના જમણા હાથનો અંગુઠો આપે છે.

ગદ્‌ગદ્ કંઠે ગુરુ દ્રોણાચાર્ય કહે છે, ''બેટા! આ સંસારમાં ધનુર્વિદ્યાના પારંગત થયા અને થશે, પણ હું તને આશીર્વાદ આપું છું કે, તારા જેવો કોઈ નહીં થાય અને તારા ત્યાગનો યશ સદાય અમર રહેશે.''

મિત્રો! આમ આપણે પણ એકલવ્ય પાસેથી ગુરુવચનમાં શ્રધ્ધા અને વિશ્વાસ, ભગવાનમાં એકનિષ્ઠા અને કોઈપણ કાર્ય કરવાની લગન રાખીને સંતો અને વડિલોને રાજી કરી ભગવાન ભજી લેવા.

અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ.....................

## મારા મનમાં બિરાજે ઘનશ્યામજી બિરાજતા

મારા મનમાં બિરાજે ઘનશ્યામજી,
શ્રીજી મહારાજજી, શ્રીહરિજી...
મારા શ્વાશોમાં શ્રીજીનું નામ જ આવે,
મારા આંખો તરસે શ્રીજીના દર્શન કાજે,
તમે આવો તો જીવન ધન્ય બને,
મારા મનમાં બિરાજે ઘનશ્યામજી,
શ્રીજી મહારાજજી, શ્રીહરિજી...
રૂડા મંદિરનું સપનું સાકાર થયું છે,
હરિભક્તોનું સપનું સાકાર થયું છે,
અમે પ્રાર્થના કરીએ પ્રેમભાવે,
આપના ઘેર પધારો ઘનશ્યામજી...
મારા મનમાં બિરાજે ઘનશ્યામજી,
શ્રીજી મહારાજજી, શ્રીહરિજી...
અમારા ઉરના ઉમંગો આજ ઉછળી રહ્યા,
સંતોની ભક્તિના ભાવ આજ ભીંજવી રહ્યા,
આજ ધન્ય ઘડીને ધન્ય ભાગ્ય રે,
મને દર્શન દેવા આવ્યા ઘનશ્યામજી,
મારા મનમાં બિરાજે ઘનશ્યામજી,
શ્રીજી મહારાજજી, શ્રીહરિજી...

કર્તા : ચંદ્રવદન મહેતા, ભુજ


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

**ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.**

# નારી તો માતૃ સ્વરૂપા જ હોય

અહેવાલ :- વરસાણી અલ્પા રમેશ

લોકમાં જેને નવી લાડી કહેવામાં આવતી હોય એ નવવધુના અનેક સ્વરૂપો હોય પણ એના માનસનું નિરીક્ષણ કરાવામાં આવે તો મુખ્યત્વે એના પણ પ્રકાર આંખ સામે તરી આવે. એક છાશ જેવું, બીજું પાણી જેવું અને ત્રીજું ખીચડી જેવું. વિગતે જોઈએ તો, આજના પશ્ચિમી પવનની અસર હેઠળ પહેલા પ્રકારની યુવતીઓ પતિને પોતાના રંગે રંગી, તેને આગવો, પોતાનો કરી લેવાની તમન્ના ધરાવતી હોય છે.

તે પોતાને સમાનગણી એવી મગરૂબીમાં રાચતી હોય છે. કે વર ભલે દૂધના ભંડાર જેવડો હોય પણ હું કાંઈ કમ નથી. હું ખાટી છાશ સમાન છું. જેનું એક જ ટીપું પડતા દૂધનો તમામ જથ્થો દહીંમાં ફેરવાઈ જાય છે. આવી સ્ત્રી પતિનું પતિ તરીકેનું અસ્તિત્વ મિટાવી, પત્નીમય બનાવી દેવા ઝંખતી હોય છે. તે નણંદ, સાસુ આદિ સ્નેહી, સંબંધીઓને દૂર કરી પોતાના પતિને માત્ર પોતાનો જ કરી લેવા અનેક પ્રકારના કાવા-દાતા ખેલતી હોય છે. આવી નવવધુનો ગૃહ પ્રવેશ તૂફાન બનીને તે ઘરની શાંતિને વેરણછેરણ કરી નાખતો હોય છે.

બીજા પ્રકારની નવોઢાઓ પાણી જેવા સ્વચ્છ નિર્મલ અંતઃકરણથી સમર્પણ કરનારી હોઈ દૂધ રૂપી પતિ અને તેના પરિવારમાં ભળી જઈ પોતાની જાત ઓગાળી નાખે. પોતાનું આગવું અસ્તિત્વ જ મિટાવી નાખે. આવી સ્ત્રીઓ પ્રાચીન આદર્શરૂપ ગણાતી હોવા છતાં પ્રવર્તમાન યુગમાં સમય સાથે તાલ ન પણ મિલાવી શકે એવું બને.

હવે ત્રીજો પ્રકાર જોઈએ તો ખીચડી એટલે કે જેમાં મગ અને ચોખા છતાં એકબીજામાં ઓગાળી જઈ વિશિષ્ટ પ્રકારની એકરૂપતાવાળી મીઠાશ લાવે છે, જે વાસ્તવમાં આવશ્યક છે.

સ્ત્રીએ ન તો પોતાનું અસ્તિત્વ મિટાવવાનું છે ન તો પુરુષ સમાવડી બનવાનું છે એને તો અનેરી એકરૂપતા સર્જવાની છે. એવી એકરૂપતા કે જ્યાં પ્રભુને પધારવાની ઈચ્છા થઈ આવે. માત્ર પતિને જ પોતાનો નથી કરવાનો, બલ્કે પારકાને પોતીકા કરવા એટલે સગા-સબંધીઓ, સ્નેહીઓ સર્વેને પોતીકા કરી પોતે તેના થઈ જવું, એકેયમાં અહંને ઓગાળી નાખવું અને દૂધમાં સાકરની જેમ ભળી જઈ અનોખી મીઠાશ ઉત્પન્ન કરવી. એવું માનસ સ્વર્ગીય સુખની અનુભૂતિ કરાવે તે સમાજની અનેક સમસ્યાનો અંત લાવે.

આજની કન્યાને પતિને પોતાનો (માત્ર પોતાનો જ) કરી લેવાની અનેક તરકીબો શીખવવામાં આવતી હોય છે. માત્ર પતિને જ પોતાનો કરવાની શીખ અનેક સમસ્યાઓ સર્જે છે. આજની નારી સંસ્થાઓ, મહિલા મંડળો વગેરે પણ જાણે અજાણે સ્ત્રી માનસમાં વિદ્રોહવૃત્તિના બીજ રોપતી હોય છે. જાણે સમગ્ર સમાજ એમનો દુશ્મન હોય તેમ ડગલે ને પગલે કહેવાતા હક્કો માટે લડતા રહેવાનું અને સ્વતંત્રતાને નામે સ્વછંદતા ભોગવવી અને આધુનિકતાનું નામ આપવું એ યોગ્ય નથી.

સ્ત્રીએ પુરુષ સમોવડી બનાવવાના અતિ ઉત્સાહમાં એને ભાયડા છાપ બનાવી દેતી કેટલીક બહેનો નારીના આગવા ગૌરવરૂપને હણી નાખે છે. નારી તો માતૃ સ્વરૂપા રણચંડીને રંભા સ્વરૂપ સ્ત્રીઓની આંખમાં સાપોલીયા સળવળે છે. કારણ કે ખાટી છાશ જેવા બનવાની જ તેને સલાહ આપતી હોય છે. વાસ્તવમાં ખીચડીનો આદર્શ અપનાવી અરસ પરસ ભળીને એકરૂપ થવાથી જ સુખી થઈ શકે છે.

પતિ કોઈ અન્ય સ્ત્રી (પ્રેમિકા)ના મોહ જાળમાં ન ફસાય તેમ પતિને પોતાનો કરી લેવો એ અનોખી કળા છે પણ એ કળા જ્યારે પતિને પોતાના મા-બહેનથી અળગા કરવામાં વપરાય ત્યારે તે અભિશાપ બને.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## કારતક સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. મનજીભાઈ વિશ્રામ વરસાણી ધ.પ. કેશરબાઈ સુત નારણ તથા ધનજી તથા કાંતિ સહપરિવાર બધાય દેવોના શિખર પરની ધજાના યજમાન - બળદીયા હાલે સીડની ઓસ્ટ્રેલીયા
- પ.ભ. અવિનાશભાઈ કિશોર કરસન વેકરીયા બધાય દેવોના શિખર પરની ધજાના યજમાન - બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. અલ્પીતાબેન રામજી વરસાણી હ. લાલજી વાલજી બધાય દેવોના શિખર પરની ધજાના યજમાન - કોડકી
- પ.ભ. જાદવાભાઈ શામજી ભુડીયા ધ.પ. પ્રેમબાઈ સુત મનસુખ, પુત્રવધુ મંજુલાબેન, પુત્ર અરવિંદ પુત્રવધુ મંજુલાબેન આદિ પરિવાર બધાય દેવોના શિખર પરની ધજાના યજમાન - માંડવી
- પ.ભ. વાલજીભાઈ રામજી નાકરાણી પરિવાર - ઈન્દોર
- પ.ભ. પ્રવિણભાઈ કુંવરજી રાબડીયા - સરલી
- પ.ભ. જેન્તીલાલભાઈ માવજી ચૌહાણ હ. સ્વામી શ્રીજીનંદનદાસજી - આમારા હાલે ગવાસદ
- પ.ભ. માવજીભાઈ રવજી હાલાઈ સુત હરીશ તથા લક્ષ્મણ - સુરજપર
- પ.ભ. લતાબેન ધનજી હાલાઈ - કોડકી
- પ.ભ. રવિલાલભાઈ લાલજી અજાણી - દહીંસરા
- પ.ભ. ગોવિંદભાઈ પરબત રાબડીયા - સરલી
- પ.ભ. કુ. મયુરીબેન પ્રેમજી હીરાણી હ. પ્રેમજી લાલજી હીરાણી - રામપર હાલે વુલ્વીચ
- પ.ભ. પ્રકાશભાઈ વાલજી મેપાણી - માધાપર
- પ.ભ. ભરતભાઈ લાલજી વેકરીયા - નારણપર ની.વા.
- પ.ભ. નિરજભાઈ કરસન કેરાઈ - સુખપર રોહા હાલે નૈરોબી
- સાં.યો. શાન્તાબેન જેઠા ભુડીયા - ફોટડી
- પ.ભ. પ્રેમજીભાઈ નારણ ધનાણી - સુખપર
- પ.ભ. રતનાભાઈ શીવજી વેલાણી - સુખપર
- પ.ભ. ધીરજલાલભાઈ ભીમજી હીરાણી - ફોટડી
- પ.ભ. રાજેશભાઈ શામજી હાલાઈ - કોડકી
- પ.ભ. રવજીભાઈ દેવજી વેકરીયા - બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. માવજીભાઈ ઝીણા વાઘાણી - સુખપર
- પ.ભ. હિરેનભાઈ ગોવિંદ હીરાણી, દિપાબેન હિરેન હીરાણી - બળદીયા
- પ.ભ. સુરેશભાઈ નારણભાઈ કેરાઈ - નારણપર ઉ.વા.
- પ.ભ. વેલજીભાઈ લાલજી હ. મહેશ હીરજી ગોરસીયા - માધાપર
- પ.ભ. મીનાબેન શાંતિ ભુડીયા - વાડાસર
- પ.ભ. અલ્પેશભાઈ મુળજી ભુડીયા - સુખપર
- પ.ભ. પ્રવિણભાઈ નારણ કેરાઈ - નારણપર
- પ.ભ. અરજણભાઈ હીરજી અજાણી - દહીંસરા
- પ.ભ. ધીરજભાઈ વાઘજી કેરાઈ - રામપર હાલે સીડની
- પ.ભ. શિવભાઈ જયંતિલાલ કેરાઈ - સામત્રા હાલે દારેસલામ
- પ.ભ. ધનજીભાઈ કલ્યાણ હાલાઈ - ગોડપર
- પ.ભ. જીગ્નાબેન કરસન હાલાઈના શુભ લગ્ન પ્રસંગે - સુખપર
- પ.ભ. રાજેશભાઈ કેશરા ગોરસીયા - ભક્તિનગર
- પ.ભ. એક હરિભક્ત તરફથી હ. પપ્પીબેન - સુખપર
- પ.ભ. ભરતભાઈ મુળજી વેકરીયા - નારણપર
- પ.ભ. મૂળજી પ્રેમજી વેકરીયા સહપરિવાર - નારણપર
- પ.ભ. ઋષિભાઈ ઘનશ્યામભાઈ ગોર - ભુજ
- પ.ભ. મનસુખભાઈ રામજી ભુડીયા - માનકુવા
- પ.ભ. હસ્તભાઈ દેવજી વેકરીયા - બળદીયા
- પ.ભ. ખીમજીભાઈ વેલજીભાઈ પિંડોરીયા - નારણપર

- પ.ભ. શીવજીભાઈ નારણ પિંડોરીયા - નારણપર
- પ.ભ. વિનોદભાઈ વાલજી ભુવા સહપરિવાર હ. સાં.યો. ધનબાઈ - સુખપર
- પ.ભ. કરસનભાઈ વસ્તા કેરાઈ - નારણપર
- પ.ભ. માધવભાઈ હિતેશ હીરાણી - ભક્તિનગર
- પ.ભ. ધનજીભાઈ કરસન વેકરીયા - નારણપર
- સાં.યો. રાધાબાઈ હરજી હાલાઈ - સુખપર
- પ.ભ. નારણભાઈ કરસન વેકરીયા - સુખપર
- પ.ભ. લાલજીભાઈ કરસન વેકરીયા - સુખપર
- પ.ભ. હરીશભાઈ કુંવરજી ભુડીયા ધ.પ. પ્રેમીલાબેન - માધાપર
- પ.ભ. વાલજીભાઈ લાલજી હીરાણી - કેરા
- પ.ભ. ધનુબેન સુરેશ સેવાણી - કેરા
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી નારણભાઈ કલ્યાણ હાલાઈ - મીરજાપર
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી હીરજીભાઈ કલ્યાણ હાલાઈ - મીરજાપર
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી વિજ્યાબેનના પુત્ર જય તરફથી - મીરજાપર
- પ.ભ. રીતેશભાઈ કુંરજી વરસાણી - માનકુવા
- પ.ભ. ભીમજીભાઈ મનજી આસાણી - માંડવી હાલે કેરૂગોયા (કેન્યા)
- પ.ભ. રમેશભાઈ શામજી વરસાણી - સામત્રા
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી સાં.યો. ધનબાઈ શીવજી ભંડેરી - મીરજાપર
- પ.ભ. મનિષાબેન જાદવા પરબત સેંઘાણી - નારણપર
- પ.ભ. રતિલાલ ધનજી રાબડીયા - બળદીયા
- પ.ભ. મેઘબાઈ વિશ્રામ વેકરીયા - બળદીયા
- પ.ભ. જાદવજીભાઈ રવજી હીરાણી - બળદીયા
- પ.ભ. રવજીભાઈ જાદવા વરસાણી સહપરિવાર - મદનપુર
- પ.ભ. ભગવતીબેન હરિભાઈ સાંખલા - અંજાર
- પ.ભ. ગોપાલભાઈ દેવજી જેસાણી સહપરિવાર - બળદીયા
- પ.ભ. ગોપાલભાઈ મુળજી હીરાણી સહપરિવાર - નૈરોબી કેન્યા
- પ.ભ. રામજીભાઈ પ્રેમજી રાઘવાણી સહપિરવાર - નૈરોબી કેન્યા
- પ.ભ. અ.નિ. દેવજીભાઈ નાથા સેંઘાણી હ. ગં. સ્વ. ધ.પ વેલબાઈ - નારણપર
- પ.ભ. હરિશભાઈ વિશ્રામ વેકરીયા - બળદીયા
- પ.ભ. સાગરભાઈ ભવાનભાઈ દુબરીયા - ચિત્રોડ હાલે મુંબઈ
- પ.ભ. માવજીભાઈ પરબત હીરાણી - કુંદનપર
- પ.ભ. ભુપેશભાઈ કલ્યાણ કેરાઈ - ગોડપર
- પ.ભ. માવજીભાઈ પરબત જેસાણી - બળદીયા
- પ.ભ. કિશોરભાઈ તુલસી ગોરસીયા હ. મનજી વેલજી (દાદા) - સુખપર
- પ.ભ. કરસનભાઈ કાનજી રાઘવાણી - બળદીયા
- પ.ભ. કાન્તાબેન કિશોર પાંચાણી - કેરા
- પ.ભ. પ્રેમજીભાઈ મનજી વરસાણી હ. મનજી કુંવરજી વરસાણી - મદનપુર
- પ.ભ. મહેશભાઈ અરવિંદ હાલાઈ હ. દેવરાજભાઈ - કુંદનપર હાલે મોમ્બાસા
- પ.ભ. કિરીટભાઈ શંકરલાલ વિશ્રામ ઠક્કર પરિવાર - નેત્રા હાલે ભુજ
- પ.ભ. ભરતભાઈ રવજી વેકરીયા - બળદીયા
- પ.ભ. પુરબાઈ ખીમજી વેકરીયા - બળદીયા
- પ.ભ. લક્ષ્મીબેન મુળજી વેકરીયા - બળદીયા
- પ.ભ. હરીશભાઈ અરજણ ગોરસીયા - સુખપર
- પ.ભ. પ્રેમજીભાઈ કરસન ગોરસીયા હ. સાં.યો. નીતાબેન - માંડવી
- સાં.યો. રામબાઈ કુંવરજી પિંડોરીયા - માધાપર
- પ.ભ. પ્રવીણભાઈ ઝીણા પિંડોરીયા ધ.પ. સુશીલાબેન - માધાપર
- પ.ભ. અવિનાશભાઈ યોગેશ ખેતાણી - મદનપુર
- પ.ભ. ઉર્વિબેન મહેન્દ્ર ગોરસીયા - સુખપર
- પ.ભ. શ્યામભાઈ સુરેશભાઈ રવજીભાઈ - દહીંસરા
- મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી દેવરાજભાઈ આણંદા ડુબરીયા - રાપર હાલે મુંબઈ
- પ.ભ. લાલજીભાઈ વિશ્રામ પિંડોરીયા - માધાપર
- પ.ભ. ધનબાઈ દેવરાજભાઈ વરસાણી - કેરા

- પ.ભ. દક્ષાબેન વિનોદભાઈ કેરાઈ - મીરજાપર
- પ.ભ. દીયાબેન પરેશ કેરાઈ હ. મનજી રવજી કેરાઈ - નારણપર
- પ.ભ.અ.નિ. મુળજીભાઈ પ્રેમજી પિંડોરીયા હ. કાનજી મુળજી પિંડોરીયા - માધાપર
- પ.ભ. વિનોદભાઈ નારદાણી હ.સ્વામી સૂર્યપ્રકાશદાસજી - કેરા
- પ.ભ. કાનજીભાઈ હ. સ્વામી સૂર્યપ્રકાશદાસજી - બળદીયા
- પ.ભ. સતિષભાઈ દેવશી હીરાણી માતુશ્રી રાધાબાઈ દેવશી હ. માનબાઈ કરસન કેરાવાળા - સુરજપર
- પ.ભ. કેશરાભાઈ કલ્યાણ ભુડીયા હ. કલ્યાણ કાનજી ભુડીયા - સુખપર
- પ.ભ. વિરૂબેન કરસન ભુડીયા - માધાપર
- પ.ભ. બ્રિજેશભાઈ કલ્યાણ રાબડીયા - વાડાસર
- પ.ભ. રાધાબેન કાનજી કલ્યાણ હીરાણી - મેઘપર
- પ.ભ. કરસનભાઈ ખીમજી તથા રવજી ધનજી હાલાઈ - દહીંસરા
- પ.ભ. રોબિનભાઈ શંકરગીરી ગોસ્વામી - ભુજ
- પ.ભ. કિશોરભાઈ કાનજી કેરાઈ - સુખપર
- પ.ભ. લાલજીભાઈ શીવજી રૂપાલીયા સહપરિવાર - મદનપુર
- પ.ભ. દીપ્તિબેન વિજેશભાઈ વેલાણી - હરિપુર
- પ.ભ. શામજીભાઈ કુંવરજી મેપાણી અ.નિ. પ્રેમીલાબેન શામજી મેપાણી અ.નિ. સજના શામજી મેપાણી, માનબાઈ શામજી સહપરિવાર - સુખપર
- પ.ભ. અંજનાબેન રાજેશભાઈ વોરા - બળદીયા
- પ.ભ. હીરાલાલભાઈ વાલજી હાલાઈ - નારણપર
- પ.ભ. પ્રવીણભાઈ પરબત પિંડોરીયા પૂ. જાદવજી ભગતની પ્રેરણાથી - સુરજપર
- પ.ભ. રાજેશભાઈ નાનજી હાલાઈ - નારણપર
- પ.ભ. ઈશ્વરભાઈ કિશોર હાલાઈ - મેઘપર
- પ.ભ. શીવજીભાઈ કરસન કેરાઈ ધ.પ. ભાનુબેન હ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી - નારણપર
- પ.ભ. પ્રથમભાઈ લાલજી વાવીયા - રાપર હાલે મુંબઈ
- પ.ભ. દિનેશભાઈ વેલજીભાઈ પટેલ - સુખપર
- પ.ભ. પ્રિયાબેન પંકજભાઈ આરેઠીયા - રાપર
- નિલકંઠ સુપર માર્કેટ - મુંબઈ
- પ.ભ. પરબતભાઈ માવજી કેરાઈ, રામબાઈ પરબત કેરાઈ સહપરિવાર - ભુજ
- પ.ભ. સવિતાબેન રવજી વરસાણી - ભુજ
- પ.ભ. જયાબા જયેન્દ્રસિંહ જાડેજા સાં.યો. મંજુબાઈની પ્રેરણાથી - ભુજ
- પ.ભ. અ.નિ. ભરતભાઈ મુળજી વેકરીયા - નારણપર
- પ.ભ. વિરેનભાઈ શાંતિલાલ ઠક્કર - ભુજ
- પ.ભ. કાનબાઈ અરજણ વરસાણી - નારણપર
- પ.ભ. સચિનભાઈ ધનજીભાઈ વેકરીયા - નારણપર
- પ.ભ. ધનજીભાઈ શીવજી ઝીણા - નારણપર
- પ.ભ. હરજીભાઈ માવજી હીરાણી - માનકુવા
- પ.ભ. છગનલાલ નારણજી સોની - અંજાર
- પ.ભ. હિતેશભાઈ રત્ના વરસાણી - માધાપર હાલે ઓસ્ટ્રેલીયા
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી ભરતભાઈ મનજી ગોંડરીયા - મીરજાપર
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી તીર્થભાઈ સુનિલ વેકરીયા - મદનપુર
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી અ.નિ. વેલીબાઈ દેવજી રાબડીયા - મીરજાપર
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી સીમાબેન રમેશ હીરાણી - મીરજાપર
- પ.ભ. રાજેશભાઈ મુળજી વેકરીયા - સુરજપર
- પ.ભ. મુળજીભાઈ ખીમજી વેકરીયા - સુરજપર
- પ.ભ. રાજેશભાઈ વિશ્રામ મેપાણી - સુખપર
- પ.ભ. ગોપાલભાઈ હરજી ખેતાણી - સુખપર
- પ.ભ. મૈત્રીબેન પ્રશાંત ભટ્ટ - ભુજ
- સાં.યો. કાન્તાબેન પરબત કેરાઈ - નારણપર ની.વા.
- ભવનાથ મહાદેવ મંદિર તરફથી હ. લાલજી વિશ્રામ વેકરીયા - નારણપર
- પ.ભ. શામબાઈ ભીમજી હીરાણી - માંડવી
- પ.ભ. કિશોરભાઈ શામજી હાલાઈ - મેઘપર
- પ.ભ. નારણભાઈ મુળજી ખોખાણી હ. સ્વામી સૂર્યપ્રકાશદાસજી - માંડવી
- પ.ભ. નિલેશભાઈ ધીરજલાલ પટેલ - ભુજ

- પ.ભ. અનુપભાઈ જીજ્ઞેશ ભુડીયા - માધાપર
- પ.ભ. લાલજીભાઈ શામજી પિંડોરીયા - માધાપર
- પ.ભ. મનજીભાઈ વિશ્રામ વરસાણી - સીડની ઓસ્ટ્રેલીયા
- પ.ભ. રૂડાભાઈ મનજી ધનાણી - સુખપર
- પ.ભ. કિશનભાઈ કેશવજી ભુડીયા - ફોટડી
- સાં.યો. રામબાઈ કુંવરજી ધનાણી - મદનપુર
- પ.ભ. ધરમભાઈ ચતુરભાઈ - ભુજ
- પ.ભ. વાઘજીભાઈ લાલજી ભુડીયા - ફોટડી હાલે લંડન

★★★★★★★★★★★★★★★★★★

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ

- પ.ભ. શાંતાબેન નારણ હીરજી ભગત - બળદીયા ની.વા.
- પ.ભ. મનજીભાઈ રવજી ભુવા - સુખપર
- શ્રીસ્વામિનારાયણ મંદિર પી.ડી.ઓ ભાની - મસ્કત અલતુર્કી
- પ.ભ. રામબાઈ કુંવરજી વેકરીયા - નારણપર
- પ.ભ. કાનબાઈ ગોવિંદ કરસન વરસાણી - સામત્રા
- પ.ભ. અ.નિ. દેવરાજભાઈ જાદવા પિંડોરીયા, અ.નિ. રામબાઈ દેવરાજ, શામજી દેવરાજ, અ.નિ. ધનબાઈ શામજી પિંડોરીયા પરિવાર
- પ.ભ. ધનબાઈ મનજી મેઘાણી સુપુત્ર મુકેશ રવજી પરિવાર - ભક્તિનગર
- પ.ભ. અ.નિ. લાલજી રામજી પિંડોરીયા, શામબાઈ મનજી હીરાણી, મનજી કલ્યાણ હીરાણી, પ્રેમીલાબેન વિનોદ હીરાણી, વિનોદ કાનજી હીરાણી - નારણપર
- પ.ભ. દીવાળીબેન શંકરલાલ પટેલ - અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★

## ધનુર્માસ એક માસની ધૂનના યજમાનશ્રીઓ

- પ.ભ. શ્રીમતિ નિકિતાબેન પરેશ ઠક્કર, હ. હર્ષાબેન ભૂપેન્દ્ર ઠક્કર સ્વામી લક્ષ્મજીવનદાસજીની પ્રેરણાથી - ભુજ
- પ.ભ. બિપીનભાઈ દેવજી પરમાર (લેસ્ટર) હ. હર્ષાબેન ભૂપેન્દ્રભાઈ (ભુજ) સ્વામી જગજીવનદાસજીની પ્રેરણાથી - અમદાવાદ
- અ.નિ. સ્વામી કૃષ્ણજીવનદાસજીના સ્મરણાર્થે સ્વામી દેવજીવનદાસજીની પ્રેરણાથી અ.નિ. વેલજીભાઈ કરસન પિંડોરીયા હ. જ્યોતિકા હાર્ડવેર - નારણપર હાલે કંપાલા યુગાન્ડા
- પ.ભ. અ.નિ. વેલજી હરજી ભુડીયા તથા અ.નિ. પ્રેમબાઈ વેલજી ભુડીયા હ. ધનજીભાઈ વેલજી ભુડીયા - સુખપર હાલે ઈસ્ટલંડન
- પ.ભ. અ.નિ. રામબાઈ કુંવરજી કલ્યાણ વરસાણી હ. દીકરી લક્ષ્મીબેન ધનજી ભુડીયા - સુખપર હાલે ઈસ્ટલંડન
- પ.ભ. મનસુખલાલ રવજી જેસાણી - દહીંસરા હાલે કંપાલા
- સ.ગુ.પુ. સ્વામી નિરન્નમુક્તદાસજીની પ્રસન્નતાર્થે સ્વામી શ્રીહરિદાસજીની પ્રેરણાથી હ. કાન્તિભાઈ મુળજી મેપાણી - મદનપુર
- અ.નિ. સ.ગુ. સ્વામી માધવપ્રિયદાસજીની પુણ્યસ્મૃતિમાં સ્વામી જગજીવનદાસજીની પ્રેરણાથી હ. સુરેશભાઈ પટેલ - પાલનપુર
- લક્ષ્મી ગ્રુપ હ. દિનેશભાઈ - સામત્રા હાલે નૈરોબી
- અ.નિ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં અ.નિ. પિતાશ્રી કલ્યાણ ભીમજી શિયાણી, અ.નિ. માતુશ્રી ધનબાઈ કલ્યાણ શીયાણી હ. પુત્ર લાલજી કલ્યાણ શિયાણી, ધ.પ. નીતાબેન, પુત્ર હર્ષિલ તથા જય - માનકુવા હાલે મોમ્બાસા
- પ.ભ. કલ્યાણભાઈ રામજી વેકરીયા ધ.પ. લાલબાઈ કલ્યાણ વેકરીયા - રામપર હાલે નૈરોબી
- પ.ભ. અ.નિ. વીરબાઈ વાલજી ખેતાણી, ધ્રુવી નિલેશ ખેતાણી તથા ન્યાલ નવીન ખેતાણી - કોડકી હાલે ઓસ્ટ્રેલીયા
- પ.ભ. રવજીભાઈ જાદવજી ખીમાણી, ભાવિકા રવજી ખીમાણી, દિવ્ય રવજી ખીમાણી - દહીંસરા
- ભુજ મંદિરના બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રેરણાથી અ.નિ. રતનશીભાઈ જેઠાભાઈ ખુથીયા, અ.નિ. વેજીબેન રતનશીભાઈ ખુથીયા, હ. મોનજીભાઈ, બાબુભાઈ, નેણશીભાઈ, વેલજીભાઈ, જયંતીભાઈ, ડુંગરશીભાઈ, રમણિકભાઈ ખુથીયા સહપરિવાર - ભચાઉ નાવગામ હાલે થાણા(મુંબઈ)

# સત્સંગ સમાચાર

## મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, ચંદ્રનગર-ખોખરા

શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ તાબાનું શ્રીસ્વામિનારાયણ મંદિર ચંદ્રનગર ખોખરા મધ્યે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ત્રિદિવસીય શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ જ્ઞાનયજ્ઞ સંતોના સાંનિધ્યમાં ઉજવાયો. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો, યજમાનશ્રીઓ, સાંખ્યયોગી બહેનો અને મહેમાનશ્રીઓએ ઉપસ્થિત રહીને પ્રસંગે માણ્યો હતો.

મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી વડીલ સંતોની પ્રેરણાથી યોજાયેલ આ પાવન પ્રસંગ કાર્યક્રમ તા. ૮-૧૨-૧૫ના શુભ સવારે પોથીયાત્રા બાદ દીપપ્રાગટ્યની સાથે વક્તાશ્રીઓ શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તેમજ પુ. સ્વામી દેવવિહારીદાસજીના શ્રીમુખે કથાનું રસપાન કરાવ્યું હતું. સાંજે શ્રીકૃષ્ણજન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં યજમાનપદે પ.ભ. અ.નિ. પરબતભાઈ રબારી પરિવાર રહ્યા હતા. તા. ૯-૧૨-૧૫ના રોજ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભુજ મંદિરથી મહંત સ્વામી સાથે વડીલ સંતો તથા યજમાન પરિવાર પ.ભ. નારણભાઈ હરજી હાલાઈ પરિવાર, મેઘપર તેમજ અ.નિ. રામજી ખીમજી હાલાઈ પરિવાર, દહીંસરા તથા માધાપરના યજમાન પરિવારે સેવા આપી લ્હાવો લીધો હતો. બપોરના મહિલામંચ કાર્યક્રમ સાં.યો. બહેનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ચંદ્રનગર-હિરાપર-અંજારની બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો.

તા. ૧૦-૧૨-૧૫ના કથાની પૂર્ણાહુતિ પ્રસંગે દાતાશ્રીઓ, મહેમાનોને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે સત્સંગની પ્રવૃત્તિ કરતા પ.ભ. કાનજીભાઈ સુથારને સંતો દ્વારા તેમજ ગામના અગ્રણીઓ વતી સન્માનિત કર્યા હતા. પ્રસંગનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. આભારવિધિ ગામના અગ્રણી જોડેજા ભરતસિંહએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. તા. ૧૫ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી ચંદ્રનગર ખોખરામાં પધરામણી કરી હતી અને ઠાકોરજીની આરતી ઉતારી સર્વે ભક્તોને દર્શન અને આશીર્વાદ પાઠવ્યા હતા અને ગ્રામજનો ધન્ય થયા હતા. અહેવાલ :- કાનજીભાઈ સુથાર

---

## નરનારાયણ નગરમાં ૧૧મા વાર્ષિક પાટોત્સવની ધામધૂમથી ઉજવણી

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી નરનારાયણ નગર મંદિરના ૧૧મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ત્રિદિવસીય રાત્રી સભા તા. ૧-૧૨-૧૫ થી તા. ૩-૧૨-૧૫ના રોજ ભુજ મંદિરના સંતો સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી, શા. સ્વામી શૌનકમુનિદાસજી, શા. સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા સ્વામી વ્યાસસ્વરૂપદાસજીના સાંનિધ્યમાં યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં સત્સંગી ભાઈઓ-બહેનો તથા વડીલોએ લાભ લીધો હતો. સ્વામી શૌનકમુનિદાસજીએ "આજ મારે ઓરડે આવ્યા અવિનાશી અલબેલ" ગાથા પર વિવેચન કર્યું હતું. તા. ૩-૧૨-૧૫ના પાટોત્સવ હોવાથી સવારના દેવનો પંચામૃત અભિષેક અને ત્યારબાદ ભવ્ય અન્નકૂટના દર્શન થયા. પાટોત્સવના મુખ્ય યજમાનપદે કચ્છશ્રી નરનારાયણદેવ યુવતી મંડળ રહેલ હતું.

---

## રાત્રી સત્સંગ સભા, અંજાર

તા. ૬-૧૨-૧૫ના રોજ રવિવારે રાત્રે ૮:૦૦ કલાકે અંજાર મંદિરના પટાંગણમાં રાત્રીય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સત્સંગ સભામાં વક્તા શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ "સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્" વિષય ઉપર વ્યાખ્યાન કરીને સેવાની મહત્ત્વતા કેટલી છે અને તેવી

નિષ્કામ સેવાથી ભગવાન પ્રસન્ન પણ તુરંત થાય છે, માટે હંમેશા પ્રભુને પ્રસન્ન કરવા સેવા કરતાં રહેવાની ભલામણ કરી હતી.

ત્યારપછી પૂ. સ્વામી પુરુષોત્તમદાસજીએ સેવા કરતાં તમામ ભક્તોને યાદ કર્યા હતા. અને શુભ આશીર્વાદ આપ્યા હતા.

કોઠારી સ્વામી હરિમુકુંદદાસજીની સાથે રહી નૂતન મંદિરમાં અને નગરની સેવા કરતાં ભક્તોને સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી તથા સ્વામી મહાપુરુષદાસજી વરદ્‌હસ્તે નવાજવામાં આવ્યા હતા.

અંજાર નગરપાલીકામાં નવા ચૂંટાયેલા સભ્યપદે ચારે સત્સંગી બંધુઓને ખાસ નવાજીને નગરજનોની સેવા કરતા રહો એવાં આશીર્વાદ સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી આદિ સંતો દ્વારા અપાવ્યા હતા.

છેલ્લે શ્રી ઠાકોરજીની સમૂહ મહાઆરતી, ધૂન કરીને પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. યજમાનપદે પ.ભ. ડો. હરજીભાઈ વાલજી કેરાઈ ધ.પ. પુષ્પાબેન સુપુત્ર નરેશભાઈ તથા રાજેશભાઈ લંડન સપરિવાર રહ્યા હતા.

અહેવાલ :- સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, અંજાર

---

## પંચાહ્ન પારાયણ, પિયાવા માંડવી

ભુજ મંદિરના મહંત પ.પૂ. સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના આશીર્વાદથી માંડવી પિયાવા વાડી વિસ્તાર રાધાવાડીમાં શ્રી નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રીપુરુષોત્તમ પ્રકાશ ગ્રંથ પંચાહ્ન પારાયણનું આયોજન તા. ૮ થી ૧૨ ડિસેમ્બર સુધી રાખવામાં આવ્યું હતું.

મહોત્સવના યજમાનશ્રી મનજી શામજી વેકરીયા પુત્ર રામજીભાઈ તથા જાદવજીભાઈ પરિવાર રહ્યા હતા. વક્તાપદે સ્વામી કૃષ્ણવિહારીદાસજી તથા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી તથા સ્વામી નારાયણપ્રિયદાસજી તથા સ્વામી હરિમુકુંદદાસજી રહ્યા હતા.

પારાયણના પ્રથમ દિવસે સવારના પોથીયાત્રા વાજિંત્રના તાલ સાથે સભાખંડમાં આવી ત્યારે કથાનો શુભારંભ સંગીતના સથવારે થયો. પારાયણ અંતર્ગત રાત્રે ભવ્ય રાસોત્સવનું આયોજન રાખવામાં આવ્યું હતું.

આ ઉત્સવમાં ભુજ અંજારથી અનેક સંતો પધાર્યા હતા. કથાના યજમાનોએ પધારેલા સંતોનું ફુલહારથી પૂજન કર્યું હતું. તેમજ મંદિરોમાં દાન, ધર્માદા, રસોઈ વગેરેની સેવા કરી રાજી કર્યા હતા. તેમજ પાંચે દિવસ ગાયોને ઘાસચારો આપ્યો હતો. તેમજ સાંખ્યયોગી બહેનોએ પૂરી હાજરી આપી હતી.

કથા સમાપ્તિ દિને માંડવી ચારે કાંધાના ભક્તોને સઘરી આમંત્રણ આપી ભોજન પ્રસાદ આપ્યો હતો. છેલ્લે પૂજ્ય સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સંગીતમાં સૂર પુરાવનાર સ્વામી નિર્ભયચરણદાસજી અને સભાપતી સ્વામી કૃષ્ણવિહારીદાસજી રહ્યા હતા.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી

---

## પંચાહ્ન પારાયણ, દુર્ગાપુર માંડવી

ભુજ મંદિરના મહંત પ.પૂ. સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના આશીર્વાદથી દુર્ગાપુર ચતુરાઈ વાડીમાં શ્રીમદ્‌ સત્સંગિજીવનની પંચાહ્ન પારાયણ મહોત્સવ તા. ૨ થી ૬ ડિસેમ્બર સુધી ઉજવાયો હતો. કથાના યજમાનશ્રી લખમણભાઈ નાનજી કેરાઈ પુત્ર દેવજીભાઈ તથા કાન્તિભાઈ કેરાઈ પરિવાર રહ્યા હતા. વક્તાપદે શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદનદાસજી રહ્યા હતા. સંગીતકાર સ્વામી નિર્ભયચરણદાસજી રહ્યા હતા. કથાના પ્રથમ દિવસે પોથીયાત્રા વાજતે ગાજતે સભાસ્થાને આવ્યા બાદ કથાનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. બીજા દિવસે શ્રીઘનશ્યામ પ્રાગટ્ય ઉત્સવ રાસની રમઝટ સાથે ઉજવવામાં આવ્યો હતો.

ત્રીજા દિવસે બપોરના સાંખ્યયોગી બહેનો દ્વારા મહિલામંચ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. રાત્રે કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળોની સત્સંગ સભા યોજવામાં આવી હતી. મોટી સંખ્યામાં યુવાનોએ હાજરી આપી હતી. ચોથા દિવસે અમદાવાદથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા

ઠાકોરજીની શોભાયાત્રા તેમજ સામૈયું સવારના વાજિંત્ર મંડળીઓ સાથે રાખવામાં આવેલ. સભાસ્થાને આવ્યા બાદ સ્વાગત સન્માન અને યજમાનશ્રીઓ દ્વારા સંતોનું તથા મહારાજશ્રીનું પૂજન કરવામાં આવેલ. ત્યારબાદ પહેરામણી કરવામાં આવેલ. રાત્રે પ્રોજેક્ટર ઉપર કાર્યક્રમ યોજાયો હતો. આ મહોત્સવમાં પધારેલ માંડવી ચારેકાંધાના તથા પટેલ ચોવીસીના ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો. પાંચમાં દિવસે પારાયણ સમાપ્તિબાદ સંતોના આશીર્વચનો તથા યજમાનશ્રીઓને બિરદાવવામાં આવ્યા હતા. ત્યારબાદ દેવોનું ઉત્તર પૂજન, પારાયણ વિરામની આરતી કરવામાં આવી હતી. ઉપરોક્ત પ્રસંગમાં સ્વામી દેવકૃષ્ણદાસજી તથા સ્વામી શ્રીહરિદાસજીએ સંપૂર્ણ હાજરી આપી હતી. સભાસંચાલક સ્વામી કૃષ્ણવિહારીદાસજી રહ્યા હતા.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, માંડવી

---

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજની અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ થ્રો-બોલમાં રાજ્ય કક્ષાએ ધમાકેદાર જીત

યુવા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ રમત-ગમત પ્રવૃત્તિમાં કચ્છ જિલ્લાની શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળાની વિદ્યાર્થિનીઓએ વેરાવળ ખાતે યોજાયેલ અન્ડર-૧૪ અને કાંકરવાળા(પાલનપુર)અન્ડર-૧૭ થ્રો-બોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રાજ્ય કક્ષાએ ઝળહળતી સફળતા મેળવી હતી.

આ અન્ડર-૧૪ થ્રો-બોલમાં રાજ્ય કક્ષાએ વિજેતા રાબડીયા ખિલના કિશોરભાઈ - સરલી, મેપાણી સંગીતા પ્રેમજીભાઈ - સુખપર, ગોરસીયા સંગીતા અરવિંદભાઈ - માનકુવા, ગોરસીયા કોમલ લાલજીભાઈ - સુખપર, હિરાણી પ્રિંયાસી શીવજીભાઈ - કોડકી, રાબડીયા ક્રિષ્ના ગોવિંદભાઈ - સુખપર, વરસાણી દેવિકા દેવજીભાઈ - કોડકી, ભાવાણી વિધ્ધી શાંતિલાલ - આણંદસર રહી હતી. અન્ડર-૧૭ થ્રો-બોલમાં રાજ્ય કક્ષાએ વિજેતા પાંચાણી બંસી પ્રેમજીભાઈ -માનકુવા, સેંઘાણી કિરણ લખમણભાઈ - નારણપર, દબાસીયા ઉર્વી પ્રવિણભાઈ - માનકુવા, કેરાઈ હસ્મિતા મનજીભાઈ - રામપર, હિરાણી પ્રીતિ ગોવિંદભાઈ - માનકુવા, વેકરીયા મિતલ નારણભાઈ - માંડવી, વેકરીયા રવિના દેવશીભાઈ - સુખપર, ભુડીયા તૃપ્તિ પ્રેમજીભાઈ - ફોટડી રહી હતી.

શાળાની વિદ્યાર્થિનીઓએ મેળવેલી આ સિધ્ધિ બદલ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સમગ્ર સંતવૃંદ તેમજ સંસ્થાના પ્રમુખશ્રી વિશ્રામભાઈ દબાસીયા સમગ્ર ટ્રસ્ટ મંડળ, શાળાના આચાર્યાશ્રી તથા સ્ટાફગણે વિદ્યાર્થિનીઓ અને વ્યાયામ શિક્ષિકાને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વિદ્યાર્થિનીઓ રમત ગમત ક્ષેત્ર આવી સોનેરી સિધ્ધિઓ હાંસલ કરતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અહેવાલ :- આચાર્યાશ્રી

---

## ધનુર્માસ પર્વ ઉજવણી

ભારતમાં વૈષ્ણવ સંપ્રદાયમાં ઉત્સવોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ધનુર્માસમાં સૂર્ય ધનરાશિમાં હોવાથી હરિભજન ધૂનનો મહિમા અનેરો અને અલૌકિક છે. જે મહામંત્રના નામ જાપથી પાપ, ત્રિવિધતાપ અને યમનો ત્રાસ નાશ પામે છે.

માંડવી શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં તથા પૂજ્ય સંતોની ઉપસ્થિતિમાં એક માસ દરમિયાન વહેલી સવારે માંડવી વાડી વિસ્તાર દૂર દૂરથી ગુલાબી ઠંડીમાં યુવક મંડળના યુવાનો, વડીલો, બાળકો તથા બહેનો, મંદિરના શ્રી સહજાનંદ સભામંડપમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન્ય રાસોત્સવની સાથે વાજીંત્રોના તાલના સથવારે દરરોજ એક કલાક સવારના ૬:૦૦ થી ૭:૧૫ સુધી રાખવામાં આવે છે.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, માંડવી

---

## મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, પલાંસવા

કચ્છના પછાત ગણાતા વાગડ વિસ્તારમાં પલાંસવા ગામે આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાં ભુજના

વડીલ સંતો દ્વારા સત્સંગના બીજ રોપાયાં. સમય જતાં સત્સંગનો વ્યાપ વધતાં મંદિરની જરૂરિયાત ઊભી થતાં શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી (કે.પી.સ્વામી)ના માર્ગદર્શન હેઠળ સુંદર નયનરમ્ય મંદિરનું નિર્માણ થયું. જેમાં ઠાકોરજીની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે તા. ૧૩-૧૨-૨૦૧૫ થી ૧૫-૧૨-૨૦૧૫ શ્રીસ્વામિનારાયણ ભગવાનને પ્રિય એવા ભક્તિશાસ્ત્ર શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ત્ર્યાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજી વક્તાપદે રહીને સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. આ મહોત્સવમાં ભુજથી મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતો તથા અમદાવાદથી ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધારીને શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. આ મંદિરના સંપૂર્ણ બાંધકામના દાતા તેમજ કથાના યજમાન પદે પ.ભ. નારણભાઈ મનજી કેરાઈ સુત અ.નિ. કલ્યાણભાઈ સુત કાન્તિભાઈ બળદીયા હાલે નૈરોબી આદિ પરિવાર રહ્યા હતા.

આ મંદિરનું નિર્માણ અ.નિ. કલ્યાણભાઈ નારણ કેરાઈ તથા અ.નિ. સંગીતાબેનના આત્યંતિક મોક્ષાર્થે પાયાથી માંડી શિખર ઉપર ધ્વજા સુધીનો ખર્ચ આપી યજમાનપદ સ્વીકાર્યું હતું. આ પ્રસંગે શ્રીકૃષ્ણજન્મોત્સવ, રાસોત્સવ, નગરયાત્રા વગેરે અનેક આયોજનો થયાં હતાં. મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પલાંસવા ગામના દરેક જ્ઞાતિના લોકોને મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. અને આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના મહંત સ્વામીએ આવેલા ભાવિકોને આશીર્વાદ સાથે જીવનમાં કાંઈક કરવા, મંદિર બન્યું છે તો ઉપયોગ કરજો જીવન શુદ્ધ રાખવા ભલામણ કરી હતી.

અહેવાલ :- સ્વામી વિવેકમુનિદાસજી

## :: અક્ષરવાસ ::

- સર્વક્ષેત્રે સેવારત, ગરીબોના બેલી અને દર્દીઓ માટે દયાના દરિયા સમાન ગામ બળદીયાના પ.ભ. વિશ્રામભાઈ કરસનભાઈ ગોરસીયા, ઉ.વ. ૫૭ અક્ષરવાસી થયા છે. જીવદયા અમે સત્કાર્યોની સરવાણી વહાવનાર વિશ્રામબાપાએ સંતોની આજ્ઞામાં રહી શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે સત્સંગ, સેવા અને સદ્ભાવમાં પોતાનું જીવન સમર્પિત કરી દઈ અન્ય માટે સદૈવ પ્રેરણાસ્ત્રોત રહ્યા છે. તેઓની આકસ્મિક વિદાયથી સર્વક્ષેત્રે મોટી ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા પુણ્યાત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.
- પ.ભ. દેવરાજભાઈ લાલજી પોકાર ૯૫ ઉંમરે તા. ૧૮-૧૨-૨૦૧૫, શુક્રવારના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા નડીયાદમાં અક્ષરનિવાસી થયા છે. શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન સત્સંગિના જવાથી સત્સંગમાં ખોટ પડી છે. પરિવારને સાંત્વના સાથે પ.ભ. દેવરાજ બાપાને પોતાના ચરણનું સુખ આપે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

## શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઉદ્ઘાટન મહોત્સવ આમંત્રણમ્

ભુજ મંદિર દ્વારા ગુજરાતના નડિયાદ શહેરના મંજીપુરા વિસ્તારમાં શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઉદ્ઘાટન પ્રસંગે શ્રીમત્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરેલ છે. તા. ૨૯-૧-૨૦૧૬ થી તા. ૨-૨-૨૦૧૬ સુધી સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની અધ્યક્ષતામાં ઉજવાશે. આ પ્રસંગે આ સૌ ભક્તોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીયે છીએ.

– સત્સંગ ભવન સંચાલક શ્રી

## યુ.કે. સત્સંગ શિબિર-૨૦૧૬

અગામી ઈસ્ટર હોલીડેમાં ભુજ મંદિર દ્વારા યુ.કે. તા. ૨૪ થી ૨૮-માર્ચ-૨૦૧૬ સુધી યુવા હરિભક્તોન માટે અદ્ભૂત દિવ્ય શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવશે. આજના સમયને પારખી ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી ૪ દિવસની સત્સંગ શિબિરનું આયોજન થઇ રહ્યું છે. યુવક મંડળના સંતો દ્વારા આ શિબિરનું સંચાલન થશે.

– યુવક મંડળ કાર્યાલય

પધારો ભુજ... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો ભુજ...

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત



શ્રીનરનારાયણદેવ - ભુજ



# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

એવમ્

# નારાયણ યજ્ઞ મહોત્સવ









પ.પૂ. સદ્. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી

**ગૌમાતાના લાભાર્થે**

**નારાયણ યજ્ઞ : ચૈત્ર સુદ ૮ તા. ૧૪-૪-૧૬ ગુરુવાર**

**તારીખ : ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ એપ્રિલ-૨૦૧૬**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૭-૪-૧૫ થી તા. ૧૩-૪-૧૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/- : પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.**
**સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે,**
**સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

**કથા સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧/૨૫૦૩૩૧.**

# વિદેશ સમાચાર



## તુલસીવિવાહ મહોત્સવ, બોલ્ટન

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા બોલ્ટન મંદિરમાં તુલસીવિવાહનો પ્રસંગ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

તુલસીબાઈના પક્ષમાં ગામ દહીંસરાના રમેશભાઈ પ્રેમજી વરસાણી સહપરિવાર યજમાનપદે રહ્યા હતા. તેમજ લાલજી મહારાજના પક્ષમાં ગામ કુંદનપરના વાલજીભાઈ ગાંગજી હાલાઈ સહપરિવાર યજમાનપદે રહ્યા હતા. તેમજ લગ્નબાદ એક હરિભક્ત તરફથી સર્વેને એકાદશી હોવાથી ફરાળરૂપી ભોજનપ્રસાદ આપવામાં આવેલ.

તેમજ હાલમાં યુ.કે.માં ફરતા આપણા ભુજ મંદિરના સંતો સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, કેન્ટન હેરો મંદિરના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે પધારલેશાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી તેમજ સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી આદિ સંતો તેમજ યુવક મંડળના સંતો પૈકી સ્વામી સુખદેવસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી આદિ અનેક સંતો અત્યારે આપણા બોલ્ટન મંદિર પધારી કરી ખૂબ જ કથાવાર્તાનો લાભ આપેલ હતો. પૂજ્ય સ્વામી સનાતનદાસજીએ પણ ખૂબ જ આશીર્વાદ આપી કરીને રાજી કરેલ. તેમજ તા. ૧૫-૧૨-૧૫ વચનામૃત જંયતી હોવાથી વચનામૃતનું પૂજનવિધિ કરવામાં આવેલ. તેમજ તા. ૧૯,૨૦ ના સવારે સંતોની હાજરીમાં ૧ કલાક ધૂન પણ રાખવામાં આવેલ. તેમજ શનિવાર તા. ૧૯-૧૨ના સાંજે ઠાકરથાળી રાસ ઉત્સવ સંતોના સાંનિધ્યમાં રાખવામાં આવેલ. ત્યારબાદ ગામ દહીંસરાના પ્રકાશભાઈ શીવજી હાલાઈ તરફથી સર્વેને ભોજનપ્રસાદ આપવામાં આવેલ. આ પ્રમાણે સંતોની સાથે મળી ખૂબ જ આપણા મંદિરમાં ઉત્સવ ઉજવવામાં આવેલ. તેમજ અત્યારે ધનુર્માસ ચાલે છે તેથી જુદા જુદા થાળ બનાવી શ્રીઠાકોરજીને જમાડવામાં આવે છે.

અહેવાલ :- પ્રમુખશ્રી મનજીભાઈ ગાંગજી હાલાઈ

---

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટલંડન મધ્યે વિવિધ ઉત્સવોની ઉજવણી

**ઠાકરથાળી ઉત્સવ :** તા. ૫-૧૨-૨૦૧૫ને શનિવારે કુમાર શિવમ વિજયભાઈ ધનજી રાઘવાણી પરિવાર, બળદિયાવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા. ૧૨-૧૧-૨૦૧૫ને ગુરુવારે દીપોત્સવીના પર્વે વિ.સં. ૨૦૭૨ નૂતન વર્ષારંભે ઠાકોરજી આગળ અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. આજના દિવસે ૩૦ જેટલા યજમાનો બની આરતીનો લાભ લીધો હતો. આજના દિવસે સરકારી ખાતાના આગેવાનો રાજકીય વ્યક્તિઓ પણ દર્શને પધાર્યા હતા. આવેલ રાજકીય વ્યક્તિઓને આવકારવામાં આવ્યા હતા. દર કલાકે થતી આરતીનો અનેક ભક્તોએ લાભ લીધો હતો.

તા. ૨૨-૧૧-૧૫ને રવિવારે તુલસીવિવાહ પર્વ મંદિરે ધામધૂમથી ઉજવવામાં આવેલ. વરપક્ષ : પ.ભ. મેઘજીભાઈ શામજી હીરાણી પરિવાર, માનકુવા અને કન્યાપક્ષ પ.ભ. શાંતિલાલભાઈ પુંજાભાઈ લીમાણી પરિવાર, માનકુવાળાએ લાભ લીધો હતો.

તા. ૨૯-૧૧-૨૦૧૫ને રવિવારે શ્રીન્યુહામ Sports માં યુવક મંડળ દ્વારા BADMINTON રમત ગમ્મત ઉત્સવનનું આયોજન કરવામાં આવેલ. યુવક-યુવતીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ ભજવેલ હતો.

અહેવાલ :- મંત્રીશ્રી અરવિંદભાઈ વેકરીયા

# અભિનંદન પત્ર

સ્વસ્તિ શ્રી ગામ કાર્ડિફ મધ્યે મહાશુભ સ્થાન કૃતનિવાસ, ઉત્તમોત્તમ પરમપવિત્ર, પૂર્ણ પૂર્ણપુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના પરમ ઉપાસક, શ્રીજીના લાડીલા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ શુભ ગુણે સંપન્ન દેવ આચાર્ય સંત સત્સંગ એવા પરાયણ, શ્રીજીના લાડીલા પ.ભ.શ્રી નારણભાઈ ભીમજી હાલાઈ પ્રતિ.

અત્ર તીર્થધામ ભુજનગર નિવાસી શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીઘનશ્યામ મહારાજના ચરણ કમળ સાંનિધ્યથી લી. આપને હર હંમેશ યાદ કરનાર આપનું આલોક તેમજ પરલોક સંબંધી શુભ ઈચ્છનાર મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સર્વ સંતોના સપ્રેમ શુભાશીર્વાદ સહ જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

વિશેષમાં સર્વ સંતો મજામાં છે. આપની કુશળતા ચાહિએ છીએ.

બીજું આજે આપને આ પત્ર લખતાં વિશેષ આનંદ થાય છે, કારણ કે આપશ્રીએ બ્રીટનની મહારાણી દ્વારા અપાતો ગૌરવવંતો MBE (બ્રીટીશરાજના સભ્ય) નો શીરપાવ પ્રાપ્ત કર્યો છે.

આપ કાર્ડીફમાં રહિને પણ સંતોના સમાગમમાં રહ્યા છો. તેથી કચ્છના રાજાધીરાજ ભગવાન શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીઘનશ્યામ મહારજની નિષ્ઠા સાથે સત્સંગના નિયમ ધર્મમાં દ્રઢ રહ્યા છો. જીવનમાં સદાય એકરેણી પરાયણ રહ્યા છો. મહંત સ.ગુ. હરિસ્વરુપદાસજી સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી સર્વે સાથે મળી કાર્ડીફમાં મંદિર કર્યું ત્યારથી ખુબ ખંત, નિષ્ઠા અને ઉમંગથી સર્વે સત્સંગીઓને સાથે રાખી, સર્વે સાથે મળી મંદિર અને સત્સંગ સંભાળો છો. આપણા બાળકોમાં સત્સંગ અને મહારાજની નિષ્ઠા આવે તે માટે અનેક પ્રયત્નો કરી સત્સંગ આગળ વધાર્યો છે. સર્વે સાથે મળી ખૂબ સત્સંગની સેવાઓ કરી છે. આ આપની દરેક સેવાની મહારાજ પાકી નોધ રાખે છે.

આપની ધર્મનિષ્ઠા તથા નિસ્વાર્થભાવે ખંતથી કરેલી લોકસેવા, તેમજ સરકાર સાથે રહિ, સર્વેનું સારું થાય તેવી દિવ્યભાવના સાથે વિવિધ પ્રકારની કરેલી ઉમદા સેવાની સરકારે અને મહારાણીએ નોધ લીધી અને આપને MBE નો શિરપાવ આપ્યો છે. તેનો અમને આનંદ થયો છે. તમારા જેવા સત્સંગીઓ આવું બહુમાન મેળવે એ આપણા કચ્છ સત્સંગનું ગૌરવ છે. મંદિર અને સંપ્રદાયનું ગૌરવ છે.

આપનું સ્વાસ્થ્ય સદા સારું રહે. મહારાજ પોતાની મૂર્તિ અને સત્સંગનું સદાય સુખ આપે, આવી ને આવી સેવા કરવાનું આપને બળ આપે, એવી ભગવાન શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીઘનશ્યામ મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**લી. સ.ગુ.મહંતપુ. સ્વામી ધર્મનંદનદાસજીના શુભઆશીર્વાદ સહ.. જય શ્રી સ્વામિનારાયણ**

## -: આપના દ્વારા ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક થયેલી સેવાઓ :-

સંપ્રદાય અને કચ્છ સત્સંગનું ગૌરવ(યુકેમાં વસ્તા કચ્છીઓમાં સર્વ પ્રથમ પ્રાપ્ત કર્તા)

તિર્થધામ ભુજ શ્રી નરનારાયણ દેવ પ્રત્યે નીષ્ઠાવાન અને શૂરવીર ગામ સુખપરના હાલ કાર્ડીફ નિવાસી આપને ગ્રેટ બ્રીટન લંડનની મહારાણી દ્વારા અપાયેલ ગૌરવવંતો (MBE) બ્રીટીશરાજના સભ્ય નો શીરપાવ (ખીતાબ).

*કાર્ડીફ શ્રી સ્વામિનારાયણ મંદિરના સંસ્થાપક ટ્રસ્ટીશ્રી.

*કાર્ડીફ શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રમુખ પદે રહીને કરેલી અવિરત સેવા.

*વેયલ્સના આપણા સમુદાય માટેની સતત સેવા.

*વેયલ્સના સર્વ ધર્મપરિષદના સભ્યશ્રી.

*રાષ્ટ્રીય સર્વ ધર્મપરિષદમાં વેયલ્સના સભ્યશ્રી.

*વેયલ્સના હિન્દુ સંઘના સંસ્થાપક અને સભ્યશ્રી.

*ધર્મશિક્ષણ પરિષદના સ્થાઈ સભ્યશ્રી.

*ધર્મબંધુ અને જ્ઞાતિ માટે સદા નિસ્વાર્થભાવે ઉત્સાહ પૂર્વક સેવા.

*યુવાનો માટે સદા સક્રિય.

*ગુજરાતિભાષા અને સંગીતના વર્ગોનું આયોજન.

* ઈંગ્લીશભાષા ન જાણતા લોકોના વ્યવહાર માટે કાયદાકીય સલાહ સુચન અને કાગળ કામમાં મદદ.

*હૃદય સબંધી તથા ડાયાબીટીસ વિગેરેને લગતા સ્વાસ્થ સજાગતા માટેના મંદિરમાં સંમેલનો કરવાં.

*હિન્દુધર્મના વિશેષ જ્ઞાન માટે વિવિધ સ્કુલો, કોલેજો યુનીવર્સીટીઓની મુલાકાત.

* સરકારવતી સુરક્ષા કર્મી, સ્વાસ્થ્ય કર્મી બની મંદિર જેવાં જાહેર સ્થળોની મુલાકાત કરવી, તેની સ્થીતી અને પ્રશ્નોને સમજી તેનો ઉકેલ લાવવા.

*ઈતર જ્ઞાતિ અને ધર્મના લોકોમાં પરસ્પરના સુમેળભર્યા સંબંધોમાં મુખ્ય ભુમિકા અદા કરવી.

*યુકેના હિંદુ કેદિઓના પ્રશ્નો માટે જેલની મુલાકાત.

*વેયલ્સમાં વસ્તા અલગ અલગ ધર્મના લોકોમાં પરસ્પર આદર અને સુમેળ માટે સતત મહેનત કરવી.

*વેયલ્સની રાજસભામાં ધર્મપરિષદના સભ્યશ્રી.

*કેન્દ્રીય પરિષદમાં વેયલ્સના ધર્મપરિષદના સભ્ય જે વેયલ્સની પ્રથમ મંત્રીપરિષદ છે.

* દરેક અવસ્થાના લોકોને તેની શ્રદ્ધા અને ભાવનાની દ્રઢતા માટે શેતુરૂપ રહ્યા છો તેમજ દરેક સામાજીક સ્થિતીને સમજી તેના સંગઠનના સહયોગી રહ્યા છે.

* છેલ્લા સાત વરસથી વેયલ્સના પોલીસ અધીકારીઓના (ઓફીશર) તાલીમાર્થીઓને તાલીમ સમય દરમ્યાન મંદિર મુલાકાત વળે તેને ધાર્મીક શિક્ષણ અને વિકાશની તાલીમ આપી રહ્યા છો.

ઉપરોક્ત ધાર્મિક, સામાજીક, રાજકીય સેવા બદલ સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ MBE ખીતાબ બદલ આશીર્વાદ સાથે ધન્યવાદ આપીએ છીએ.

લી. સ.ગુ. મહંત પુરાણી

# સર્પનો ઉધ્ધાર




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળમિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ, આપ જાણો છો ? સ.ગુ. ગોપાળાનંદ સ્વામીનું દીક્ષા પહેલાનું નામ શું હતું ? 'ખુશાલ ભટ્ટ' હતું. અને ત્યારથી જ તે મહાસમર્થ હતા. અનેક વાર બાળકોની કષ્ટ થકી રક્ષા કરી હતી, એકવાર તે એક બાળકની સર્પ થકી રક્ષા કરી સર્પનો ઉધ્ધાર કર્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં ડુંગરની ખીણમાં એક નાનકડું ગામ છે. ગામનું નામ ટોરડા. આ ગામમાં મોતીરામ ભટ્ટ નામે એક બ્રાહ્મણને ઘેર આજથી બસો વર્ષ પહેલાં એક બાળકનો જન્મ થયો હતો. બાળકનું નામ હતું ખુશાલ ભટ્ટ, તે બાળપણથી જ બુધ્ધિશાળી અને ભગવાનનો ભગત હતો. અક સમયે એ ગામમાં એક બ્રાહ્મણનો છોકરો રમતો રમતો પીપળાના ઝાડ પાસે ગયો. તે પીપળાના થડના પોલાણમાં એક મોટો કાળો નાગ રહેતો હતો. અંધારામાં અચાનક એ છોકરાનો પગ સર્પ ઉપર આવી ગયો તેથી સર્પે છોકરાને દંસ માર્યો. જોતજોતામાં ઝેર શરીરમાં ચડી ગયું. છોકરો બેભાન થઈને જમીન પર ઢળી પડ્યો.

તેના માતા-પિતાને ખબર પડી એટલે તત્કાળ ત્યાં દોડી આવ્યા. પાસે આવીને જોયું તો છોકરો બેભાન થઈને પડ્યો હતો. લોકોએ કહ્યું ભુવાને બોલાવો વાદીને બોલાવો. ત્યારે કોઈક સજ્જને કહ્યું એ રેવાદો અને ખુશાલ ભટ્ટને બોલાવો. એ ભગવાનના ભગત છે અને મહાસર્મથ છે. તેથી છોકરાનાં માતા-પિતાએ તત્કાળ તે છોકરાને લઈને ખુશાલ ભટ્ટ પાસે ગયા. હાથ જોડી પ્રાર્થના કરી કે અમારા છોકરાને સર્પ કરડયો છે માટે દયા કરીને જીવત દાન આપો. પ્રાર્થના સાંભળીને ખુશાલ ભટ્ટને દયા આવી તેથી તે છોકરા ઉપર પ્રસાદીનું પાણી છાંટયું. ત્યારે છોકરામાં રહેલો સર્પ બોલ્યો, હું બળું છું, હું બળું છું. ત્યારે ખુશાલ ભટ્ટે સર્પને કહ્યું, તું આ બાળકને કેમ કરડ્યો ? ત્યારે સર્પે કહ્યું, તેણે મારા ઉપર પગ દીધો તેથી હું તેને કરડ્યો છું.' ત્યારે ખુશાલ ભટ્ટે સર્પને કહ્યું, કે તું આ સર્પની યોનીને કેમ પામ્યો છે ? ત્યારે સર્પે કહ્યું, પૂર્વ જન્મમાં મારી મા વાણીયાણી હતી અને મુસલમાનની સાથે તેણે લગ્ન કર્યાં. તેથી મુસલમાન થકી મારો જન્મ થયો હતો. હું વર્ણસંકર થયો, મારી બુદ્ધિ જન્મથી જ મલીન હતી. તેથી ઘણાં ઘણાં પાપો કરતો અને અતિશય ક્રોધી હતો. તેથી મરીને સર્પ થયો. ખુબ દુ:ખી છું. હવે હું તમારે શરણે આવ્યો છું તેથી મારા ઉપર કૃપા કરી મારું કલ્યાણ કરો.

સર્પની પ્રાર્થના સાંભળીને ખુશાલ ભટ્ટને દયા આવી. સર્પ ઉપર ફરી પાણી છાંટી અને કહ્યું આજથી તારા બધાં પાપ બળીને ભસ્મ થઈ ગયાં છે અને તું શુધ્ધ થઈ ગયો છે. હવેથી કોઈ દિવસ કોઈને કરડીશ નહી. ને કોઈ પાપ કરીશ નહિ. અને હવે આ છોકરામાંથી નીકળી જા અને આ પીપળાના થડમાં જ રહેજે, પણ કોઈ માણસને દેખાવા દઈશ નહિં. આ છોકરો દરરોજ ભગવાનની પ્રસાદીનું પાણી મુકી જશે. તે પીને ભગવાનનું ભજન કરજે, સમય જતાં તારું મૃત્યું થશે. બીજે જન્મે ચારણ ભાટને ત્યાં જન્મ થશે. તે સમયે તારા માતા-પિતા સત્સંગી હશે તેથી તું પણ સત્સંગી થઈ ભગવાન સ્વામિનારાયણનું ભજન કરીશ. પછી અંતે તું ભગવાનના ધામને પામીશ.

આ રીતે ખુશાલ ભટ્ટે બ્રાહ્મણના છોકરાને જીવતો કર્યો અને સર્પનો મોક્ષ કર્યો. આવા દયાળુ અને સમર્થ હતા ખુશાલ ભટ્ટ.

# મકરસંક્રાંતિ

બાલમિત્રો, મકરસંક્રાંતિ એ ભારતીય સંસ્કૃતિનો અનોખો એક તહેવાર છે. તે દિવસે સૂર્ય એક રાશીમાંથી બીજી રાસીમાં પ્રવેશ કરે છે તેને સંક્રાંતિ કહેવામાં આવે છે. એટલે કે સૂર્ય ધન રાશીમાંથી મકર રાશીમાં પ્રવેશ કરે છે માટે મકરસંક્રાંતિ કહેવામાં આવે છે અને સૂર્ય ઉત્તર દિશા તરફ પ્રયાણ કરે છે તેથી ઉત્તરાયણ પણ કહેવામાં આવે છે. આજના દિવસે દાનનો પણ ખુબ મહિમા છે તેથી લોકો દાન વગેરે સત્કર્મો કરે છે. અને પરંપરા ગત લોકો આજે પતંગ ચગાવે છે. સૌહુ કોઇ નાના-મોટા આ પતંગ ઉત્સવના આનંદને માળે છે. પણ બાળમિત્રો, પતંગ ચગાવવામાં એ ધ્યાન રાખવું જરૂરી છે કે પક્ષીઓને કે અન્ય કોઇને નુકશાન ન થાય અને પોતાનું પણ ધ્યાન રાખવું. અને હા, ગાય તથા ગરીબને દાન આપવાનું ભુલતા નહિ. જય શ્રી સ્વામિનારાયણ !

## -: જ્ઞાનસરિતા :-

### -: જ્ઞાનમાળા:-

૧. શ્રી સ્વામિનારાયણ ભગવાનની જ્ઞાતી કઇ હતી ?
(અ) તિવારી બ્રાહ્મણ (બ) સરયૂપારી બ્રાહ્મણ
(ક) સરવરીયા બ્રાહ્મણ (ડ) તુલજા બ્રાહ્મણ ?

૨. હું ડુગડુગી વગાડનારો છું ખરા વેષના ભજવનારા પાછળ અવશે આ વાક્ય કોણ કહ્યું હતું ?
(૧) મુકતાનંદ સ્વામી (૨) રામાનંદ સ્વામી
(૩) પ્રેમાનંદ સ્વામી (૪) સહજાનંદ સ્વામી

૩. ભિષ્મપિતામહના પિતાનું નામ શું હતું ?
(અ)શંતનુ (બ) વેદ વ્યાસજી
(ક) ભિષ્મક (ડ) ભરત

૪. જે સ્વામિનારાયણ નામ લેશે, આ પદ્ય કોણે બનાવ્યું છે ?
(અ) રઘુવીરજી મહારાજ
(બ) નિષ્કુળાનંદ સ્વામી
(ક) નારણ દાસ
(ડ) વિહારીલાલજી મહારાજ

૫. ધર્મના ચાર પાદના નામ જણાવો ?
(અ) સત્ય,સ્નેહ,દયા,તપ
(બ) સ્નેહ, શાંતિ, સત્ય, દયા
(ક) શાંતિ,સંતોષ,દયા,તપ
(ડ) સત્ય,શૌચ,દયા,તપ

૬. શ્રીકૃષ્ણ ભગવાનના ગુરુનું નામ શું હતું ?
(અ) પરશુરામ (બ) સાંદીપની
(ક) શાંડીલ્યજી (ડ) ગર્ગાચાર્ય

૭. ઝમકુબાઇ કયાના રાજરાણી હતા ?
(અ) ઉદયપુર (બ) અમદાવાદ
(ક) જયપુર (ડ) મછીયાવ

૮. ઉજ્જૈન નગરી હિન્દુસ્તાનના કયા રાજયમાં આવેલું છે ?
(અ) રાજસ્થાન (બ) ઉત્તરપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) મધ્યપ્રદેશ

૯. હિન્દુસ્તાનનું રાષ્ટ્ર ફૂલ કયું છે ?
(અ) ગુલાબ (બ) હજારી
(ક) કમળ (ડ) ડોલર

૧૦. જે સ્વામિનારાયણ નામ લેશે,આ પદ્ય કયા ગ્રંથમાં આવે છે ?
(અ) ભક્તચિંતામણિ (બ) નિષ્કુળાનંદ કાવ્ય
(ક) શ્રીહરિચરિત્રામૃત (ડ) શ્રી હરિલીલામૃત


## -: ઉખાણાં :-

૧. માથે તાજ શોભતો, મેઘ દેખી એ નાચતો
ગળું ફાડી એ બોલતો, જંગલની શોભા વધારતો.

૨. આંખો ઉપર વસતા ને, સૌને રાખે હસતાં
દૂર-નજીકનું જોઈ લઈને, કદી ન પાછા ખસતાં

૩. દૂધનો એ દોહિતરો ને છે માવાનો બેટો,
બરફીનો છે ભાઈ એ સૌના મ્હોંમાં પેઠો.

૪. એક અચરજ એવું જોયું નદી છતાંય નહિ નીર,
પહાડ છતાં પથ્થર નહિ ગામ છતાં નહિ વીર.



## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

૨૭૩,વચનામૃત,૧૮,નરસિંહ મહેતા, કુરુક્ષેત્રમાં ગીતા, માંગરોળ, ભાવનગર, ધનુર્માસમાં, નિષ્કુળાનંદ

**સરનામું**

નામ..................................................

ગામ ........................તાલુકો........................

ઉંમર............શાળા........................................


ધો............ મો.ન..........................................

## -: શબ્દ રચના :-

નીચે આપેલા પ્રશ્નોના જવાન નીચે આપેલા કોયડા (પતંગ) માંથી શોધી કાઢો.

ઉદાહરણ : પક્ષીઓમાં ભગવાનનો અવતાર - હંસ

૧. ભગવાન વિષ્ણુનું વાહન ?
૨. ભારતનું રાષ્ટ્ર પક્ષી ?
૩. પક્ષીમાં ભગવાનનો અવતાર ?
૪. શ્રાધ્ધમાં પિતૃ તરિકે પૂજાતુ પક્ષી ?
૫. શંકર થકી ભાગવતની કથા સાંભળનાર પક્ષી ?
૬. સંદેશ વાહકનું કામ કરતું પક્ષી ?
૭. સીતામાતાની સાહયતા કરનારુ પક્ષી ?
૮. મધુર સ્વર વાળુ પક્ષી ?
૯. કયું પક્ષી ચંદ્ર સન્મુખ દષ્ટિ રાખી સ્થિર રહે છે ?
૧૦. ગુજરાત રાજયનું રાજય પક્ષી ?



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૦૦/- | મુળજી માવજી વેકરીયા | નારણપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | મુળજીભાઈ મનજીભાઈ વાઘજીયાણી સુપુત્ર ચિ. નિકેતકુમાર સુપુત્રી ભાવિષા તથા સુરતી સહપરિવાર | નારણપર હાલે નૈરોબી | નવા મકાનના વાસ્તુપૂજન નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | દેવજી શીવજી સામજી હીરાણી | માધાપર | શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પૂજા કરતાં એક વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | વૈદીબેન કાંતિલાલ પિંડોરીયા | સામત્રા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | શ્રીનરનારાયણદેવ કન્સ્ટ્રકશન કું હ. મુકેશભાઈ વરસાણી | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | કાનજીભાઈ માવજીભાઈ નાકરાણી | અંજાર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | અ.નિ. માવજીભાઈ મેઘજીભાઈ પોકાર હ. રાજેશભાઈ | નડિયાદ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | ટવીન્કલ માવજી હીરાણી | સુખપર રોહા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | ભાવેશ નારણ પિંડોરીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | પુનિત નારણ પિંડોરીયા | ભુજ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | કાન્તાબેન નારણ પિંડોરીયા | ભુજ | સુપુત્ર ચિ. પુનિતના લગ્ન નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | લક્ષ્મણ લાલજી હીરાણી | કેરા | નવી ફોર વ્હીલર ગાડી લીધી તે નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | શિલ્પાબા સિધ્ધરાજસિંહ ઝાલા | તલસાણા | ચિં. ડો.જયવીરસિંહ ઝાલાના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ | કોડકી | વચનામૃત જયંતી સમૂહ પારાયણ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | વિનોદભાઈ મુળજીભાઈ રાઘવાણી | બળદીયા | નવા મકાનનું વાસ્તુ નિમિત્તે ભેટ |
| ૨૧૧/- | રવજી નારણ હાલાઈ હ. શિવજીભાઈ | મેઘપર હાલે યુ.કે. | બ્રેઈન ઓપરેશન શ્રીનરનારાયણદેવની માસ્તર કૃપાથી સફળ રીતે થતાં |
| ૨૧૧/- | શિવજીભાઈ ધનજી માસ્તર | માધાપર | પૌત્રી ચિ. ટીસ્નાના સગપણ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | કાન્તાબેન સુરેશ દબાસીયા | માનકુવા | ભત્રીજી (બેબીના) જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | દિલન વિનોદ હીરાણી | ભારાસર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | દિનેશ દેવજી દબાસીયા હ. દેવજીભાઈ | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | ચંદ્રવદન જી. મહેતા હ. મેહુલ મહેતા | ભુજ | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | અરવિંદભાઈ ઠક્કર (આઈસ કેન્ડીવાળા) | નલીયા | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | કાન્તિલાલ મનજી હાલાઈ | નાગલપર માંડવી | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | નીતિન પચાણ ભાણજી વાસાણી | રવાપર | નીતિનભાઈના પુત્ર ચિ. જનકના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | હરજી સામજી પટેલ | મેઘપર હાલે કાર્ડિફ | સુપુત્રી ચિ. કલ્પનાના લગ્ન નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | હરજી સામજી પટેલ | મેઘપર હાલે કાર્ડિફ | સુપુત્રી ચિ. હિનાના લગ્ન નિમિત્તે ભેટ |




# શ્રી સ્વામિનારાયણ મંદિર પલાંસવા (વાગડ) મધ્યે નવા મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.











RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015

# શ્રી સ્વામિનારાયણ મંદિર ચંદ્રનગર (ખોખરા) મધ્યે નવા મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો









